Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com

Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 195 Dt.28-05-2022 (Saturday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

### આટકોટમાં પ્રચંડ જન સભા સમક્ષ સહુનો સાથ, સહુની સારવારનો નવો મંત્ર આપતા મોદી

# કોઇ નાગરિક નાણાં વિના સારવારથી વંચિત રહેતો નથીઃ વડાપ્રધાન

**આટકોટમાં ડો.ભરત બોધરા સંચાલિત પટેલ સેવા સમાજ ટ્રસ્ટની કે.ડી.પરવાડીયા મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલનું લોકાપર્ણ કરતા નરેન્દ્ર મોદી**

**મોસાળે જમણવાર કરનાર આ ડબલ એન્જિનની સરકાર છે, માએ પીરસવું ન પડે**

**દિલ્હીમાં એક દીકરો બેઠો છે, માતાઓ ચિંતા ન કરે, દેવાના બોજા તળે હવે નહીં પીડાવ**

**3 કરોડ લોકોને પાકા ઘર, ૧૦.૫૦ કરોડ શૌચાલય, ૯ કરોડને ઉજવલા ગેસ કનેકશન, ૨.૫૦ કરોડને વીજળીના કનેકશન, ૬ કરોડને જલ સે નલ યોજનાના લાભ અને ૫૦ કરોડને આયુષ્યમાન કાર્ડઃ આ ગરીબોની સરકાર છેઃ નરેન્દ્ર મોદી**



**હોસ્પિટલના નિર્માણ બદલ ડો. ભરત બોઘરા અને દાતાઓને અભિનંદન પાઠવતા વડાપ્રધાન મોદી**




(તસવીરઃ પંકજ ડાભી)

જંગી મેદની નિહાળી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અભિભૂત

**જસદણમાં પ્રથમ સુપર સ્પેશયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કરવાનો મોકો મળ્યો**

**ટ્રસ્ટીઓએ મને કહ્યું અહીં પાછું વળીને જોતા જ નહીં જે દર્દી આવશે તેની પાસે રૂપિયા નહીં હોય તો પણ સારવાર લીધા વગત પરત નહિ ફરે**

**ગુજરાત આરોગ્ય ક્ષેત્રે હરણફાળ રીતે આગળ વધી રહ્યું છે**

**આપણે એવા સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ કે હોસ્પિટલ ખાલી ને ખાલી જ રહે કોઈ દિવસ હોસ્પિટલે જરૂર ન પડે તેવી પ્રાર્થના કરીએ**

**૨૦૦૧માં ગુજરાતમાં માત્ર ૯ જ મેડિકલ કોલેજ હતી**

**ડબલ એન્જીનની આ સરકારે ગુજરાતનો વિકાસ કરી રહી છે જેનો ગુજરાતને લાભ મળી રહ્યો છે**

**હવે દરેક જિલ્લામાં એક-એક મેડિકલ કોલેજ બનાવવાની છે**

**ડોકટર થવા માટે માતૃભાષામાં અભ્યાસ કરીને પણ ભણી શકાય તેવો નિયમ બદલ્યો**

**આ માટીના સંસ્કાર છે કે જેને ૮ વર્ષમાં ભૂલ થી પણ કાંઈ ખોટું નથી કર્યું કે જેના કારણે દેશને નીચું જોવું પડે**

### વડાપ્રધાનનું રાજકોટ એરપોર્ટ ખાતે સ્વાગત કરાયું



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સવારે વિમાન માર્ગે ઍરપોર્ટ ખાતે આવી પહોચ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું.





આટકોટમાં હોસ્પિટલનાં લોકાર્પણમાં ઉમટી પડેલી પ્રચંડ જનમેદનીની તસ્વીર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સાંભળવા આકરી ગરમીમાં પણ લોકો એકત્ર થયા અને તાળીઓનાં ગડગડાટ તથા હર્ષનાદોથી વડાપ્રધાનને વધાવી લીધા એ દર્શાય છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરની પરોક્ષમાં આવેલા નાના એવા આટકોટમાં પધારેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશને અને ગુજરાતને સૌનો સાથ, સૌની સારવારનો નવો જીવનમંત્ર આપ્યો હતો અને સાથે- સાથે જણાવ્યું હતું કે, ૨૦૧૪ પછી ભાજપ નેતૃત્વ હેઠળની એનડીએ સરકારનાં ૮ વર્ષમાં તમામ ક્ષેત્રો અને ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રમાં અસાધારણ, ઝડપી પ્રગતિ થઇ છે જેના ફળ સ્વરૂપ આજે દેશમાં કોઈ નાગરિકને નાણા વિના સારવારનો અભાવ સહન કરવો પડતો નથી. તેમણે આટકોટ જેવા નાના ગામમાં સંપૂર્ણ સુવિધા યુકત અતિઆધુનિક મલ્ટીસ્પેશયાલિટી હોસ્પિટલ બનાવવા બદલ ડો.ભરત બોઘરા અને એમની ટીમને તથા તમામ દાતાઓને ખૂબ-ખૂબ અભિનંદન આપ્યા હતા.

ડો.બોઘરા સંચાલિત પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આટકોટમાં રૂ.૫૦ કરોડનાં ખર્ચે નિર્માણ પામેલી કે.ડી.પરવાડીયા મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલનું લોકાર્પણ કરતા વડાપ્રધાને જણાવ્યું હતુ કે, આટકોટની આવી મોટી હોસ્પિટલ સમગ્ર સૌરાષ્ટ્ર માટે સારવારની દ્રષ્ટિએ લોકો માટે આશિર્વાદરૂપ બની રહેશે. આટલું મોટું અને મહત્વનું કામ કરવા બદલ અને જે રીતે આ સેવા ઉભી કરવામાં આવી છે એ કાર્ય બદલ હું ડો.બોઘરા અને એમની ટીમ, પટેલ સેવા સમાજ ટ્રસ્ટ તથા દાતાઓ અને સમગ્ર સમાજને જેટલા અભિનંદન આપું એટલા ઓછા રહેશે. આજે મને આશા છે કે, ડો.બોઘરાએ કહ્યું છે તેમ કોઈ દર્દી અહીંથી સારવાર વિના પાછો જશે નહીં.

વડાપ્રધાને હોસ્પિટલનું લોકાર્પણ કર્યા બાદ જંગી જનમેદનીને સંબોધન કરતા જણાવ્યું હતું કે, દેશ એક નવી ગતિ સાથે વિકાસ સાધી રહ્યો છે. ગુજરાત અનેક ક્ષેત્રોમાં ઝડપી વિકાસની દિશામાં આગળ વધી રહ્યો છે અને ખેતીમાં તો ગુજરાતનો ડંકો વાગી રહ્યો છે. તેમણે ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે થયેલી ઝડપી પ્રગતીનો ખ્યાલ આપ્યો હતો. એમણે રાજકોટ એઈમ્સ, જામનગરની ભૂ સંચાલિત અને નિર્મિત ટ્રેડીશનલ મેડિસીન સેન્ટર જેવી સેવાઓનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, રાજકોટ અને જામનગર બાદ નાનકડા આટકોટમાં આટલી આધુનિક હોસ્પિટલનું નિર્માણ થયું છે. વટ પડી ગયો છે બાપુડી વટ એવા ખુશાલીભર્યા ઉદ્દગાર સાથે વડાપ્રધાન મોદીએ સંબંધિત સહુને ભરપુર અભિનંદન આપ્યા હતા.

તેમણે ૨૦૧૪ પહેલાનાં શાસકો પર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, અગાઉ એવી સ્થિતિ હતી કે, એક માતા બીમાર પડે તો દીકરો દેવામાં ડૂબી જશે એ ડરથી હોસ્પિટલ જતી ન હતી. કેમકે સારવાર માટેનાં આટલા નાણાંનો અભાવ રહેતો હતો. એટલે માતા દીકરાને કહી દેતી કે બેટા હું મારી પીડા ભોગવી લઈશ. મારે દવાખાને જવું નથી કારણ કે તારી માથે દેવાનો ડુંગર ખડકાઈ જશે.

વડાપ્રધાને આ વરવી વાસ્તવિકતાનું વર્ણન કરવા સાથે ગૌરવભેર કહ્યું હતું કે, અમે ભાજપનાં શાસનમાં આયુષ્માન કાર્ડ અને જન ઔષધી કેન્દ્ર જેવી સેવાઓ લાવ્યા આજે પરિસ્થિતિ શું છે? આજે દેશના ૫૦ કરોડ લોકોને આયુષ્માન કાર્ડને કારણે મફત સેવાનો લાભ મળી રહ્યો છે. કેમકે દિલ્હીમાં આજે એ દુઃખી માતાઓનો દીકરો બેઠો છે. આજે અગાઉની સ્થિતિ એવી હતી કે ડાયાબીટીશ જેવા ઘર કરી ગયેલા રોગની દવાઓ લેવા માટે દર્દીને દર મહીને રૂ.૫૦૦ થી માંડીને બે હજાર સુધીનો ખર્ચ કરવો પડતો હતો. આપણે દેશના ખૂણે- ખૂણે જન ઔષધી કેન્દ્રો સ્થાપી દીધા છે જ્યાંથી લોકોને ખૂબ જ સસ્તામાં દવાઓ પ્રાપ્ત થઇ રહી છે.

તેમણે કહ્યું હતું કે, આજે માતાઓ અને બહેનોનાં આશિર્વાદને કારણે જ અને ગરીબો તથા પીડિતોનાં આશિર્વાદથી અમારી સરકારે કેન્દ્રમાં ૮ વર્ષ પુરા કર્યા છે. ૮ વર્ષ દરમ્યાન દેશની સેવા કરવામાં મેં કોઈ કચાસ રાખી નથી. સસ્તી સારવાર, સોંઘી દવાઓ, આધુનિક અને શ્રેષ્ઠતમ મેડીકલ સુખ-સુવિધાઓ, નલ સે જલ સેવાઓ, જનધન ખાતાઓમાં ગરીબો- કિસાનોને નાણાંકીય સહાય, બહેનોને ધુમાડા મુક્ત જીવન વ્યવસ્થા, મફત વેક્સિન જેવી સુવિધાઓ આપીને દેશના નાગરિકોની સેવા કરવા માટે શ્રેણીબધ્ધ જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ૮ વર્ષ દરમ્યાન મેં રાષ્ટ્રની સેવા કરવામાં કોઈ કસર છોડી નથી.

તેમણે કહ્યું હતું કે, આરોગ્યની સેવાઓની સ્થિતિ અત્યંત કંગાળ હતી. ગુજરાતમાં માત્ર ૯ મેડીકલ કોલેજો હતી. માત્ર ૧૧૦૦ જેટલી એમબીબીએસ બેઠકો હતી. ગરીબ પરિવારનાં દીકરાનું ડોક્ટર બનવાનું સપનું માત્ર સપનું જ બની રહેતું હતું. એટલે અમારી સરકારે આરોગ્ય ક્ષેત્રે વિકાસને એટલો વેગ આપ્યો છે કે, આજે એકલા ગુજરાતમાં 30 મેડીકલ કોલેજ છે. ૮ હજાર જેટલી મેડીકલ બેઠકો થઇ છે. એનડીએ સરકારે દેશ અને ગુજરાતનાં વિકાસને નવી ગતિ આપી છે. અમે પૂજ્ય બાપુ અને પૂજ્ય સરદારનાં સપનાનું ભારત બનાવવા પુરેપુરો પ્રયાસ કર્યો છે. આજે ગુજરાતમાં મેડીકલ શિક્ષણ દેશ આખા માટે નમુના રૂપ શ્રેષ્ઠ અને સર્વોતમ બન્યું છે. કેમકે અમે માતૃભાષા ગુજરાતીમાં મેડીકલ શિક્ષણની જે વ્યવસ્થા લાગુ કરી છે તેના કારણે ગરીબ, દલિત અને વંચિત પરિવારનાં યુવાનોનું ડોકટર બનવાનું સપનું પૂરું થઇ રહ્યું છે. ગુજરાતનો તમામ ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થઇ રહ્યો છે. એ માટે હું ગુજરાતનાં લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને એમની ટીમને અભિનંદન આપું છું. આજે સામાન્યમાં સામાન્ય માનવીને પણ આટકોટ જેવી હોસ્પિટલમાં સરળ,

(અનુ.પાના નં.૪ ઉપર)



વડાપ્રધાન મોદીએ રીબન કાપી મુખ્યદ્વાર ખુલ્લો મુકયો



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે હોસ્પિટલનું લોકાપર્ણ



વડાપ્રધાનની મુખ્યમંત્રી, પ્રદેશપ્રમુખ અને ડો.બોઘરા સાથે વિલક્ષણ તસ્વીર



બાળકનો કાન ખેંચી વ્હાલ વરસાવતા વડાપ્રધાનની યાદગાર તસ્વીર

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.
કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવા:ડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# વડાપ્રધાને PMJY યોજના શરૂ કરી, વિનામૂલ્યે આરોગ્ય સેવા પૂરી પાડતી વિશ્વની સૌથી મોટી યોજના છેઃ મુખ્યમંત્રી







# આપણે બધા ગામડામાં નથી રહેતા આપણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિલમાં રહીએ છીએ, ભરત બોઘરા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ કે, જાહેર જીવનમાં પ્રધાનમંત્રીનો કાર્યકાળ ખૂબ લાંબો અને સફળ રહ્યો છે જેના આપણે સૌ ગુજરાતીઓ સાક્ષી છીએ, આપણે સૌએ એવું ગુજરાત જોયું છે કે જ્યાં વાળું ટાણે વીજળી જતી રહે, પાણી માટે તો કહેવતો બનતી હતી અને દીકરીની સુવાવળ માટે એમ્બ્યુલન્સ નહોતી મળતી પરંતુ માન.નરેન્દ્રભાઈ મોદીના સુશાસનની અંદર એમના સિદ્ધાંતો અને તેમની કાર્યશૈલીના પરિણામે આજે ગુજરાતે બહુમુખી વિકાસની કેળી કંડારી છે. આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સૌના સાથ અને સૌના વિકાસના પરિણામે ગુજરાત વિકાસનો પર્યાય બન્યો છે. નરેન્દ્રભાઈએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે સુનિશ્ચિત કર્યું છે કે, દરેક નાગરિકને આરોગ્ય સુખાકારી બની રહે. નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અંતરીયાળ વિસ્તારમાં સુપર મલ્ટી સ્પેસ્યાલિટી હોસ્પિટલો બની છે અને આપણી ભાવિ પેઢી એવા બાળકોની ચિંતા ગુજરાત સરકારે કરી છે. આજે આટકોટને પણ મલ્ટી સ્પેસ્યાલિટી હોસ્પિટલની અધ્યતન ભેટ મળી છે.

ભરતભાઇ બોઘરાએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે આરોગ્યરૂપી સુર્યનો પ્રકાશ સૌરાષ્ટ્રના ગરીબ લોકોના ઘરે પહોંચે તે માટે આજે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આપણા આંગણે આવ્યા છે ત્યારે દરેક સૌરાષ્ટ્રના ભાઇ-બહેનો વતી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનુ સ્વાગત કરુ છું.

મેડિકલમાં પ્રેકટીસ કરતો ત્યારથી માર મનમાં એક વિચાર હતો કે સૌરાષ્ટ્રના લોકો માટે સારવાર મળે તેવી હોસ્પિટલ બનાવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના જીવનમાંથી માર્ગદર્શન લઇને આજે ૨૦૦ બેડની હોસ્પિટલનું લોકાર્પણ થયું છે. આપણે બધા ગામડામાં નથી રહેતા આપણે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના દિલમાં રહીએ છીએ.

આજે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી વ્યસ્ત શિડ્યુલમાંથી આપણા આરોગ્યની ચિંતા કરી આપણને પ્રોત્સાહન આપવા આવ્યા છે. આયુષ્માન ભારતની યોજના દેશમાં આપનારા હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે.આ હોસ્પિટલમાં ૧૦૦ ટકા આયુષ્યમાન કાર્ડ ધારકને લાભ મળશે. જે દર્દીને કાર્ડ રિન્યુલનો પ્રશ્ન હશે તેના માટે આયુષ્યમાન ડેસ્ક રાખવામાં આવ્યું છે.

આજે જસદણના આટકોટ ખાતે પાટીદાર સમાજ દ્વારા નિર્મિત કે.ડી.પરવાડીયા મલ્ટી સ્પેસ્યાલિટી હોસ્પિટલનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યું. હોસ્પિટલનું લોકાર્પણ કરી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતવાસીઓને આરોગ્ય ક્ષેત્રે મોટી ભેટ અર્પણ કરી છે. આટકોટમાં આશરે ૪૦ કરોડના ખર્ચે ૨૦૦ બેડની ચેરિટી હોસ્પિટલમાં ફાઇવસ્ટાર જેવી સુવિધાઓથી સજ્જ હશે. આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું સ્વાગત કર્યુ તેમજ હોસ્પિટલના અધિકારીઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું રેતી દ્વારા ચિત્રકામ કરેલ તસ્વીર ભેટ આપી સ્વાગત કર્યું. રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, સાંસદ સભ્યોઓ તેમજ શહેર અને જીલ્લાના ધારાસભ્યઓ, જીલ્લા અને શહેરના પદાધિકારીઓ તેમજ પ્રદેશના ઉપાધ્યક્ષ ભરતભાઇ બોઘરાએ વડાપ્રધાનનું સ્વાગત કર્યું.આ કાર્યક્રમમાં હોસ્પિટલ મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રદેશના ઉપાધ્યક્ષ ભરતભાઇ બોઘરાએ સ્વાગત પ્રવચન કર્યું.





## બે કલાકમાં બે લાખ લોકો ભોજન કરી શકે તે પ્રકારની શ્રેષ્ઠ વ્યવસ્થા



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા. ૨૮

જસદણ તાલુકાના આટકોટ ખાતે વડાપ્રધાન મોદીના હસ્તે હોસ્પિટલના ઉદઘાટન અને વક્તવ્ય બાદ અંદાજે અઢી લાખ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. બુંદી, મોહનથાળ, રોટલી, શાક, દાળ, ભાત,છાશ અને સંભારો સાથેની ફુલ ડીશ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.


ભોજન વ્યવસ્થાની વિશિષ્ટતા એ છે કે અંદાજે અઢી લાખ લોકો માત્ર અઢી કલાકમાં જમી શકે તે પ્રકારે ૨૫૦ થી વધારે કાઉન્ટર, દોઢસોથી વધારે રસોઈયા તેમજ ત્રણ હજારથી વધારે સ્વયંસેવકોની શીસ્તબધ્ધ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## નરેન્દ્રભાઈ મોદી સંઘના પ્રચારક તરીકે અનેક વખત જસદણ આવી ચૂક્યા છે

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા. ૨૮

જસદણ પંથકના ભાજપના પીઢ અગ્રણી અશોકભાઈ કે. મહેતાએ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ જનસંઘના સમયથી જ જનસંઘના પ્રચાર અર્થે જસદણ આવતા હતા અને તેમના ઘરે ઉતરતા હતા તેમના ઘરે રાત્રી રોકાણ કરતા હતા અને દિવસ દરમિયાન કાપડનો થેલો લઈને સાયકલ લઇને જસદણ આસપાસના ગામડાઓમાં જનસંઘના પ્રચાર અર્થે જતા હતા અને લોકોની વેદના સાંભળતા હતા. આમ જસદણ સાથે નરેન્દ્રભાઈ મોદીને જૂનો નાતો છે. આજની તારીખે પણ તેઓ જસદણ ભાજપના અગ્રણી અશોકભાઈ મહેતાને વ્યક્તિગત ઓળખે છે અને



તેમને નામથી બોલાવે છે. વધુમાં અશોકભાઈ મહેતાએ જણાવ્યું હતું કે કમળાપુર ગામના પટેલ પરિવારનો દિલ્હી હરિયાણા નજીક અકસ્માત થયો હતો ત્યારે હરિયાણાના ભાજપના પ્રભારી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ કમળાપુરનાં પટેલ પરિવારના મૃતદેહને જસદણ પહોંચાડવાની તેમજ ઇજાગ્રસ્તોને ત્યાં સારવાર કરવા સહિતની વ્યવસ્થા જસદણ ભાજપના અગ્રણી અશોકભાઈ મહેતાના સંદર્ભથી કરી આપી હતી.



એકસરખી સાડી પહેરી મહિલાઓએ ગરબા લીધા

## વડાપ્રધાન બન્યા બાદ મોદી બીજી વખત જસદણ તાલુકામાં આવ્યા

જસદણઃ વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્રભાઇ મોદી આજે બીજી વખત જસદણ તાલુકામાં આવ્યા છે. અગાઉ ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી પ્રચાર વખતે જસદણમાં વિછીયા રોડ ઉપર કાળાસર ગામના પાટીયા પાસેના મેદાનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ચૂંટણી સભા યોજાઈ હતી. જેના સાડા ચાર વર્ષ બાદ આજે બીજી વખત વડાપ્રધાન મોદી જસદણ તાલુકામાં આવ્યા છે. જો કે વડાપ્રધાન બન્યા બાદ મુખ્યમંત્રી તરીકે અગાઉ નરેન્દ્રભાઇ મોદી ચાર વખત જસદણ આવી ચૂક્યા છે.

## મુખ્યમંત્રી બન્યા બાદ ભુપેન્દ્ર પટેલ આજે પહેલીવાર વખત જસદણ તાલુકામાં આવ્યા

જસદણઃ રાજ્યના મુખ્યમંત્રી તરીકે સતારૂઢ થયાબાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સૌપ્રથમ વખત જસદણ તાલુકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં આજે આવ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અગાઉ ક્યારેય પણ જસદણ તાલુકામાં આવ્યા નથી. તેઓ આગામી આજે સૌપ્રથમ વખત જસદણ તાલુકાના આટકોટ ખાતે પટેલ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત કેડીપી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની જસદણ તાલુકાની આ સૌ પ્રથમ મુલાકાત બની હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઇનના 5 Rs. +5%GST
મિનીમમ ૫ લાઇન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

'ક્રિકેટ મેં પુષ્પરાજ 'ઝુકેગા નહીં, ઔર રૂકેગા ભી નહીં'નો જુસ્સો

# નવોદિત ઓલરાઉન્ડર પુષ્પરાજ જાડેજાઃ ૧૦૧ રન કર્યા, ૪ વિકેટ ઝડપી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

### બીસીસીઆઈ અને એસસીએ યોજીત અન્ડર-૧૬ ઈન્ટર ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જામનગરને શાનદાર જીત અપાવી

### કોરોનામાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર પુષ્પરાજ ક્રિકેટ જગતમાં જામનગરનું નામ રોશન કરવા તત્પર

જામનગરમાં બીસીસીઆઈ દ્વારા આયોજીત તથા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા સંચાલિત અન્ડર - ૧૬ ઈન્ટર ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં જામનગર ડીસ્ટ્રીકટ, જૂનાગઢ ડીસ્ટ્રીકટ અને જૂનાગઢ રૂરલ એમ ત્રણ ટીમો વચ્ચે ક્રિકેટનો જંગ ખેલાયો હતો, જેમાં જામનગરની ટીમે શાનદાર જીત મેળવી હતી.

જામનગરના યુવા ક્રિકેટર પુષ્પરાજ જાડેજાએ પોતાનું ઓલરાઉન્ડર પરફોર્મન્સ દેખાડ્યુ હતું. ઓલરાઉન્ડર પુષ્પારાજે વિજય વેળાએ કહ્યું કે, 'મેં ઝુકેગા નહીં, ઔર ક્રિકેટ મેં તો રૂકેગા ભી નહીં.'

જામનગર શહેરમાં આવેલા અજીતસિંહ ક્રિકેટ પેવેલીયન-ક્રિકેટ બંગલો ખાતે અંડર-૧૬ (બોર્યસ) માટેની ઈન્ટર ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ત્રણ ટીમો સામે ક્રિકેટનો જંગ ખેલાયો હતો. જેમાં જામનગર, જૂનાગઢ અને જૂનાગઢ રૂરલ એમ ત્રણ ટીમો વચ્ચે ત્રણ મેચ રમાયા હતા. જામનગર ડીસ્ટ્રીકટ ક્રિકેટની ટીમે શાનદાર દેખાવ સાથે માનભેર જીત મેળવી હતી. સામે જુનાગઢ અને જૂનાગઢ રૂરલ પુરી ટીમ ૪૦ ઓવરની રમતા પહેલાં જ ઓલઆઉટ થઇ હતી.

જામનગર-જૂનાગઢની પ્રથમ મેચમાં પુષ્પરાજ જાડેજાએ ૧૦૧ રન ફટકારીને બેટીંગમાં પોતાનો દમ દર્શાવ્યો હતો તો ૮ ઓવરમાં ૩૨ રન આપીને ૪ મહત્વની વિકેટ મેળવીને બોલીંગમાં પુષ્પારાજે કહ્યું કે, ક્રિકેટ મેં રૂકેગા નહીં.

જામનગરે ક્રિકેટ જગતને અનેક ક્રિકેટરો આપ્યા છે ત્યારે આગામી સમયમાં પણ ક્રિકેટમાં જામનગરનું નામ અને માન જાળવી રાખવા માટે પુષ્પરાજ મહેનત અને પ્રયાસ કરી રહ્યો છે. છેલ્લા આઠ વર્ષથી તે જામનગર ક્રિકેટ એસોસિએશનમાં કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ પાસે તાલીમ મેળવી રહ્યો છે. થોડા સમય પહેલા જ કોરોનામાં માતા-પિતાનો આશરો ગુમાવનાર પુષ્પારાજ ક્રિકેટ પ્રત્યે પોતાના શોખ અને મહેનતથી આગળ વધ્યો છે. કે.એલ. રાહુલને પોતાનો પ્રેરણાસ્ત્રોત માનનાર પુષ્પરાજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાનું અને જામનગરનું નામ રોશન કરવાનાં સપના



સાથે સતત મહેનત અને પ્રયાસ કરે છે. પુષ્પરાજ જાડેજા ઓપનીંગ બેસ્ટમેન તરીકે પણ સારૂ પર્ફોમેન્સ કરે છે તો તેની બોલીંગથી પણ સારા સારા ખેલાડીઓની વિકેટ લેવાની આવડત ધરાવે છે. આ તો ફીલ્મનો પુષ્પરાજ ક્યારે ઝુકતો નથી. પરંતુ ક્રિકેટનો પુષ્પારાજ ફીલ્ડીંગમાં ઝુકી પણ જાય અને રન રોકવા મજબુત દિવાલ બની જાય છે.

## તંત્રી સ્થાનેથી...

### મોબાઈલ-કમ્પ્યુટરની આડઅસર?

કોરોનાકાળમાં મોબાઈલનો ઉપયોગ અને ઓફિસના કામ માટે કોમ્પ્યુટરનો વપરાશનો સમય વધ્યો હતો. આપણે આખો દિવસ મોબાઇલ અને કમ્પ્યુટર પર માથું નમાવીને કામ કરતાં રહીએ છીએ, પરંતુ શું તમે જાણો છો કે આની તમારા સ્વાસ્થ્ય પર કેવી આડઅસર પડી શકે છે? ઓસ્ટ્રેલિયાના શિરોપ્રેક્ટર્સ એસોસિયેશને નવા સંશોધનમાં દાવો કર્યો છે કે, જો આપણે આ જ રીતે ડિજિટલ ડિવાઈસનો ઉપયોગ કરવાનું ચાલુ રાખીએ તો ડોક અને પીઠ ખૂંધ ખાઈ શકે છે. વૈજ્ઞાનિકોએ તેનું નામ પટેક નેકથ રાખ્યું છે. આ સ્થિતિમાં આપણી કરોડરજ્જુના હાડકાંએ ઝુકાવનો સામનો કરવો પડે છે. ઓસ્ટ્રેલિયાના સ્પાઇન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર જ્યારે આપણે ડોકને ૬૦ ડિગ્રી આગળ નમાવીએ છીએ ત્યારે અમે કરોડરજ્જુ પર ૨૭ કિલો વજન મૂકીએ છીએ.

સિડની સ્થિત લેખિકા ટુડી ચિપ કહે છે, નસ્ત્રઓફિસમાં દરરોજના ૧૨ કલાક કામ કરીને ગળામાં ખૂંધ જેવી સ્થિતિ આવી ગઈ હતી. માથાનો દુખાવો પણ થતો હતો. અઠવાડિયામાં ૭૦ કલાક કામ કરવાથી પથારી પકડવાની જરૂર પડી હતી. કરોડરજ્જુના નિષ્ણાતોની સલાહ પર ટુડીએ આઠ અઠવાડિયા સુધી કરોડરજ્જુ, ગળાની કસરત કરી. ઓફિસમાં બેસવાની રીત સુધારી. દિવસમાં સ્ટ્રેચિંગ શરુ કર્યું. આટલી મહેનત બાદ મને મારું જૂનું જીવન પાછું મળ્યું.

ઑસ્ટ્રેલિયામાં પુખ્ત વયના લોકો પર થયેલા સંશોધન મુજબ ૪૨ ટકા પુખ્ત વયના લોકો ડોકના દુખાવાથી પીડાતા હતા. તો ઘણાં લોકો ગળાની જડતાની સમસ્યા સામે ઝઝૂમી રહ્યા હતા. ૩૬ ટકા લોકોને માથાનો દુખાવો હતો અને ૨૫ ટકા લોકોને માઈગ્રેનની બીમારી હતી. લગભગ ૧/૩ ઓસ્ટ્રેલિયન પુખ્ત વયના લોકોએ કહ્યું કે, તે દર કલાકે ૫ થી ૩૦ વખત તેમના ફોનનો ઉપયોગ કરે છે. ૧૦ માંથી ૧ વ્યક્તિએ સ્વીકાર્યું કે તે આ ક્રિયા ૪૦ વખત કરે છે. નિષ્ણાતોએ તેમને દર ૩૦ થી ૬૦ મિનિટમાં તેમની જગ્યાએથી ઉભા થવા અને આસપાસ ચાલવાનું કહ્યું. પરંતુ યુવાનોએ સ્વીકાર્યું કે તેમણે આ સલાહને ધ્યાનમાં લીધી નથી. આશ્ચર્યની વાત એ છે કે વર્ક ફ્રોમ હોમ કરતા ૪૧ ટકા લોકો દર કલાકે બ્રેક લેતા હતા. પહેલાં બાળકો એકબીજાને સામેથી ધમકાવતાં હતાં, પરંતુ હવે ધીમે ધીમે આ એક્ટિવિટી પણ ડિજિટલ ફોર્મમાં રૂપાંતરિત થઈ રહી છે. બ્રિટનની ઓફિસ ઓફ કોમ્યુનિકેશન્સ (ઘરભજ્ઞળ)ના નવા રિપોર્ટના અનુસાર, દેશમાં ૮થી ૧૭ વર્ષના ૩૯% બાળકો સાયબર બુલિંગનો ભોગ બની રહ્યાં છે. ઓનલાઈન બુલિંગના પ્રકારને જ સાયબર બુલિંગ કહેવામાં આવે છે. સાદા શબ્દોમાં કહીએ તો કોઇને દાદાગીરી કે જોર-જબરદસ્તીથી ધમકાવવું. તેમાં કેટલાંક બાળકો બળનો ઉપયોગ કરી અથવા ધમકાવીને બીજા બાળકોને હેરાન કરે છે, તેમને ત્રાસ આપે છે અથવા તેમના પર મનોવૈજ્ઞાનિક રીતે હાવી થવાનો પ્રયાસ કરે છે. બાળકોમાં આવો વ્યવહાર સમગ્ર દુનિયામાં જોવા મળે છે.

લોહાણા મહાજન પ્રમુખ રાજુ પોબારૂ અને કારોબારી પ્રમુખ ડો. નિશાંત ચોટાઇ સહિતની સમગ્ર ટીમનું અદ્દ્ભુત આયોજન

# સતત સાતમાં દિવસે ભાવિકો રામભકિતમાં લીન






**ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના ધારાસભ્ય વિજયભાઇ રૂપાણી, ભાજપ મહિલા મોરચાના અગ્રણી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજે પૂજય શ્રી ભૂપેન્દ્રભાઈ પંડયાના આર્શિવાદ મેળવ્યા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૭

વિશ્વના સૌથી મોટા લોહાણા મહાજન અને શહેરના અઢી લાખ રઘુવંશીઓની માતૃ સંસ્થા શ્રી રાજકોટ લોહાણા મહાજન દ્વારા તા.૨૯ મે સુધી શ્રી રામનગરી ચૌધરી હાઈસ્કૂલ મેદાન રાજકોટ ખાતે ભવ્ય દિવ્ય અલૌકીક શ્રી રામકથાનું ભવ્ય આયોજન સાંજે ૪:૩૦ થી ૮:૩૦ વાગ્યા દરમ્યાન અલૌકીક-દિવ્ય-ભવ્ય શ્રી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લઇને હજ્જારો ભાવિકો ભાવવિભોર થઈને શ્રી રામભકિતમાં તરબોળ થઈ જાય છે.

આ શ્રી રામકથાના મુખ્ય વકતા તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરેલ પૂજય શ્રી ભૂપેન્દ્રભાઈ પંડયા પોતાની અમૃતવાણી થકી હજજારો ભાવિકોને દરરોજ શ્રી રામકથાનું ભવ્ય રસપાન કરાવી રહ્યા છે. આ શ્રી રામકથાનો આજે આઠમો દિવસ છે. ગઈકાલે શ્રી રામકથાના સાતમા દિવસે શ્રી રામનગરી ખાતે શ્રી રામભકિતમાં હજજારો ભાવિકો લીન થતા જોવા મળ્યા.

ગઇકાલના રોજ શ્રી રામકથા શ્રવણ કરવા માટે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના ધારાસભ્ય વિજયભાઇ રૂપાણી, ભાજપ મહિલા મોરચાના અગ્રણી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ, વંદનાબેન ભારદ્વાજ, રાજકોટ ચેમ્બર ઓફ કોર્મસના પ્રમુખ વી.પી.વૈષ્ણવ સહિતના તમામ ડિરેકટર્સ સહિતના ઉપસ્થિત રહ્યા હતા અને પૂજય શ્રી ભૂપેન્દ્રભાઈ પંડયાના આર્શિવાદ મેળવ્યા હતા. તેમની સાથે રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઇ પોબારૂ, કારોબારી પ્રમુખ ડો. નિશાંત ચોટાઇ, જીતુભાઇ ચંદારાણા તથા સમ્રગ ટ્રસ્ટી મંડળ, સિધ્ધાર્થ છબીલભાઇ પોબારૂ વગેરે જોડાયા હતા.

શ્રી રામકથાના મુખ્ય વકતા ભૂપેન્દ્રભાઈ પંડયાની અમૃતવાણીના દરેક શબ્દ અને વાકય ભાવિકોને વધુને વધુ શ્રી રામભકિતમાં તલ્લીન કરી રહ્યા છે. આ દ્રશ્યો જોતા એવું લાગી રહ્યું છે જાણે રાજકોટ શહેર આખું શ્રી રામમય બની ગયું હોય.

કથાના વિરામ બાદ દરરોજની માફક હજજારો લોકોએ શિસ્તબધ્ધ રીતે પ્રસાદ લીધો હતો. સાથે-સાથે સ્વયંસેવકો દ્વારા સુંદર વ્યવસ્થા જાળવવામાં આવી હતી. પ્રસાદ બાદ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં અશોક ભાયાણીના મધુર કંઠે 'શ્રી રામધૂન'નો લ્હાવો લીધો હતો.

રાજકોટ વણિક સમાજમાંથી અને ખાસ ઢોલરા વૃધ્ધાશ્રમમાંથી મુકેશભાઇ દોશી, અનુપભાઇ દોશી, ધર્મેશભાઇ જીવાણી, કિરીટભાઇ આદ્રોજા સહિતની સમગ્ર ટીમે પણ શ્રી રામકથાનું રસપાન કરીને ગુરૂજી ભૂપેન્દ્રભાઇ પંડ્યાના આર્શિવાદ મેળવ્યા હતા. શ્રી રામકથાનો લાભ લેવા દેશ-વિદેશી અને સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી ઐતિહાસિક કથાનું રસપાન કરવા સેંકડો રામભકત શ્રી રામનગરી ખાતે આવ્યા હતા. શ્રી રામકથામાં દાતાઓ દ્વારા પણ સતત દાનનો ધોધ વરસી રહ્યો છે અને રોજ દાનના નવા-નવા રેકોર્ડસ સર્જાઈ રહ્યા છે. રામકથામાં થતું દાન ભવિષ્યમાં જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યોમાં અને જ્ઞાતિના સર્વાંગી વિકાસ કાર્યોમાં ઉપયોગમાં લેવાશે. તેવું રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારૂએ જણાવ્યું હતું.(૧૩.૧૬)

પુષ્પા ક્રેઝ એટલી હદે વધ્યો કે નાના બાળકોમાં પણ તે સ્ટાઈલ આવી

## વાયરલ વિડીયોમાં પિતા બાળકને મારવા આવ્યા તો બાળક રડતા બોલ્યો મૈ ઝૂકેગા નહીં..

(એજન્સી સમાચાર)

નવીદિલ્હી,તા.૨૮

વાયરલ થયેલા આ વીડિયોમાં એક નાનકડો બાળક રડતો રડતો તેની મમ્મીના ખોળામાં આવીને બેસી જાય છે. જોર જોરથી રડતા બાળકને તેની મમ્મી ચૂપ કરાવવાની કોશિશ પણ કરે છે. આ દરમિયાન બાળકના પપ્પા ડંડો લઈને તેને મારવાની બીક બતાવે છે. પરંતુ બાળક પણ ચાર ચાસણી ચડે એવું છે. ડર્યા વગર રડતો રડતો બોલ્યા કરે છે મૈં ઝૂકેગા નહીં...બાળક એકવાર નહીં પરંતુ અનેકવાર આ ડાયલોગ બોલે છે. સાંભળીને બાળકની મમ્મી હસવા લાગે છે અને તેને મારથી બચાવવાનો પ્રયત્ન કરે છે.

આ વીડિયોને લોકો ખુબ પસંદ કરી રહ્યા છે. બાળકના પપ્પા તેને વારંવાર ડંડો બતાવે છે. પણ બાળક જરાય ડરતો નથી અને પુષ્પાનો ડાઈલોગ બોલ્યા કરે છે. ગણતરીની સેકન્ડનો આ વીડિયો હાલ લોકોને ખુબ પસંદ પડી રહ્યો છે. અનેક લોકોએ આ વીડિયો પર રિએક્શન પણ આપ્યા છે. કેટલાક લોકોએ આ વીડિયો જોઈને મજા લીધી તો કેટલાક એવા પણ હતાં જેમણે વીડિયો જોઈને નારાજગી વ્યકત કરતા કહ્યું કે બાળકને ડંડાથી નહીં પ્રેમથી સમજાવવો જોઈએ. દક્ષિણ ભારતીય કલાકાર અલ્લુ અર્જૂનની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'પુષ્પા'એ લોકોમાં જબરદસ્ત ક્રેઝ ઊભો કર્યો હતો. તેની 'ઝૂકેગા નહીં' સ્ટાઈલ પાછળ તો નાના બાળકોથી માંડીને મોટા...બધા દીવાના થઈ ગયા. સોશિયલ મીડિયા પર જે પ્લેટફોર્મ પર જૂઓ તેના રીલ્સ જોવા મળતા. હજુ પણ આ ક્રેઝ લોકોમાં ઓછો થયો નથી. એક બાળકનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે જેમાં તેના પપ્પા તેને લાકડી લઈને મારવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને છોકરો રડતાં રડતાં ઝૂકેગા નહીં...બોલ્યા કરે છે.

## બે ફિશિંગ બોટમાંથી લક્ષદ્વીપના કાંઠેથી ૧૫૨૬ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

### રેવન્યુ ઈન્ટેલિજન્સ અને કોસ્ટગાર્ડ સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડ્યું

(એજન્સી સમાચાર)

રાજકોટ.તા.૨૮

ગુજરાત સહિત દેશભરમાં છેલ્લા કેટલાય સમયથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે ત્યારે હવે લક્ષદ્વીપના કાંઠેથી ૧૫૨૬ કરોડનું ડ્રગ્સ મળી આવ્યું છે.

આ ઓપરેશન રેવન્યુ ઈન્ટેલિજન્સ અને કોસ્ટગાર્ડ સંયુક્ત રીતે પાર પાડ્યું હતું.ભારતીય કોસ્ટ ગાર્ડ અને ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે ઓપરેશન ખોજબીન નામના મોટા સંયુક્ત ઓપરેશનમાં અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ ટાપુઓના કિનારે પ્રિન્સ અને લિટલ જીસસ નામની બે ફિશિંગ બોટમાંથી રૂ. ૧,૫૨૬ કરોડથી વધુનો ડ્રગ્સ ઝડપ્યો છે ભારતીય કોસ્ટ ગાર્ડે આ જાણકારી આપી છે.

લાખાજીરાજ રોડના ધોરાજીવાલા હાડવૈદ દવાખાનામાં

## ડિગ્રી વગર ડોકટર બનીને બેઠેલાની ધરપકડ

**બી.કોમ. સુધી ભણેલો શખ્સ દર્દીઓની સારવાર કરી બેદરકારી ભર્યુ કૃત્ય કરતો હોવાની ફરિયાદ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨૮:

શહેરના લાખાજીરાજ રોડ પર આવેલા વર્ષો જુના ધોરાજીવાલા હાડવૈદ નામના દવાખાનામાં ડિગ્રી વગર દવાખાનું ચલાવી દર્દીઓની દવા સારવાર કરવામાં આવતી હોવાની માહિતી પરથી પોલીસે દરોડો પાડી વ્હોરા નુરૂદ્દીન ફખરૂદ્દીન ભારમલ (ઉ.વ.૪૮-રહે. દિવાનપરા-૧૮, લાખાજીરાજ રોડ)ની ધરપકડ કરી છે.

એ-ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે પીએસઆઇ ટી.ડી. ચુડાસમા અને કોન્સ. દેવાંગભાઇ પાલાને બાતમી મળી હતી કે લાખાજીરાજ રોડ પર આવેલા ધોરાજીવાલા હાડવૈદ નામના દવાખાનામાં નુરૂદ્દીન ભારમલ કોઇપણ જાતની ડિગ્રી વગર દવાખાનુ ચલાવે છે અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે. આ માહિતી પરથી ત્યાં જઇ તપાસ કરવામાં આવતાં ૧૦+૧૨ની સાઇઝની ઓરડીમાં ચાલતાં કલીનિકમાં એક વ્યક્તિ ખુરશી પર જોવા મળી હતી.

તેને પોલીસ તરીકે ઓળખાણ આપી મેડિકલ પ્રેકટીશની ડિગ્રી કે હોમિયોપેથીક અથવા આયુર્વેદિક કે બીજી કોઇપણ મેડિકલ ડિગ્રી હોય તો રજૂ કરવાનું કહેતાં તેણે પોતાની પાસે કોઇ ડિગ્રી નહિ હોવાનું જણાવ્યું હતું. નુરૂદ્દીન ભારમલ ડિગ્રી વગર જ દર્દીઓને તપાસી એલોપેથી દવા આપતો હોઇ અને પોતે બી.કોમ સુધીનો અભ્યાસ કર્યો હોવાનું કહેતાં તેની સામે પોલીસ આઇપીસી ૩૩૬ તથા મેડિકલ પ્રેકટીશનર એક્ટની કલમ ૩૦ મુજબ ડિગ્રી વગર ડોક્ટરનો સ્વાંગ રચી બિમાર લોકોને તપાસી દવા આપી બેદરકારી ભર્યુ કૃત્ય કરવાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી.

પોલીસે કિલનીકમાંથી સ્ટીલની કાતર, દવાઓના પેકેટ, સીરપ, સ્કીન ક્રિમ, પાટા તેમજ ટેબલના ખાનામાંથી રૂા. ૩૩૦૦ રોકડા મળી રૂા. ૫૩૫૫નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ સુત્રોના કહેવા મુજબ ઝડપાયેલા નુરૂદ્દીનના પિતા ફખરૂદ્દિન ભારમલ જુના હાડવૈદ છે. તેની સાથે પુત્ર નુરૂદ્દીન વગર ડીગ્રીએ ડોક્ટર બનીને દર્દીઓની સારવાર કરવા માંડયો હતો.

## રાજકોટ ક્રાઈમ

### વેપારીનો લારીધારક પર હિચકારી હુમલો

રાજકોટ શહેરના પરાબજારમાં અલંકાર હોટલ પાસે રાત્રે જથ્થાબંધ ફ્રુટના વેપારીએ લારીધારક ફ્રુટના વેપારી ઉપર છરી વડે હુમલો કરતા ઈજાગ્રસ્તને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવની પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે રાત્રે સવા દસેક વાગ્યે પરાબજારમાં ફ્રુટની લારી રાખી વેપાર કરતા અજીતભાઈ શાંતિભાઈ પરમાર (ઉ.વ.૪૦) પોતાનો ધંધો પતાવી રેકડી લઈ પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે પરાબજારમાં જ અલંકાર હોટલ પાસે ફ્રુટના જથ્થાબંધ વેપારી શબ્બીર રફીક શેખે તેને અટકાવી કહ્યું હતું કે, નતું મારુ ફ્રુટ કેમ નથી વેચતો? તું મારી પાસેથી ફ્રુટ લઈને વેચ. જો કે અજીતભાઈએ આ જથ્થાબંધ વેપારીની ઓફર ઠુકરાવી કહ્યું હતું કે, ના હું તારું ફ્રુટ નહીં વેચું જે વાતને લઈ શબ્બીર ઉશ્કેરાયો હતો અને ઝઘડો કરવા લાગ્યો હતો. બોલાચાલી દરમિયાન શબ્બીરે ઉગ્ર થઈ પોતાની પાસે રહેલી છરી અજીતની પીઠમાં મારી દીધી હતી. જેથી ઈજાગ્રસ્ત અજીતને તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવની જાણ થતા તુરંત એ. ડીવીઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને આરોપી સામે પગલા લેવા તજવીજ કરી હતી.

### ડમ્પરના ચાલકે બાઈકને અડફેટે લેતા યુવકનું મોત

વીંછિયા તાલુકાના ગુંદાળા ગામે રહેતા વનરાજભાઈ કવાભાઈ ભુસડિયા (ઉ.વ.૪૦) નામનો યુવાન ગત તા.૨૫/૫ના રોજ પોતાનું બાઈક લઈ લીલાપુર ગામે બેંકના કામે ગયો હતો જ્યાંથી પરત ગુંદાળા આવતો હતો ત્યારે રસ્તામાં બિલેશ્વર નજીક સામેથી પૂરપાટ ઝડપે આવતા ડમ્પરના ચાલકે બાઈકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં વનરાજભાઈનું માથાના ભાગે ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું.

### ટ્રક ચાલકે એટીએમ ચોરી ૧૭ હજારની ઉઠાંતરી કરી

રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન સુરતના સરથાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરી અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટના ગુનામાં ફરાર શખ્સ દુધસાગર રોડ પર આવ્યા હોવાની બાતમી મળતા દૂધસાગર રોડ પર આવેલા ઉમાઇસ એપાર્ટમેન્ટમાં ૧૧૧ નંબરમાંથી રફીક હબીબભાઇ સેતા (ઉ.વ.૩૪)ને પકડી લીધો હતો. તેની પુછપરછમાં રફીક ટ્રક ચલાવતો હોવાનું સામે આવ્યું છે. ગત તા.૩૦ માર્ચના રોજ સુરતનો યુવાન ચોટીલાથી તેના ટ્રકમાં બેસી સુરત જતો હતો. દરમ્યાન યુવાન ટ્રકમાં સુઇ ગયા બાદ રફીકે તેની થેલીમાંથી દેનાબેંકનું એ.ટી.એમ. કાર્ડ કાઢી લીધુ હતું. બાદ બીજા દિવસે આ કાર્ડમાં પિન નંબર લખેલ હોઇ તેના દ્વારા ટ્રક ચાલક રફીકે યુવાનના ખાતામાંથી કટકે કટકે રૂ.૨,૦૦૦ પછી ૫,૦૦૦ અને ૧૦,૦૦૦ ઉપાડી લીધા હતા. આ મામલે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ હતી. જેથી પોલીસે તેની અટક કરી સુરત પોલીસને કબ્જો સોંપેલ છે.

### ફટાકડો માથે પડતાં સમજાવવા ગયેલા પ્રૌઢ અને તેના ભત્રીજા પર હુમલો

શહેરના ગંજીવાડામાં લગ્નની જાન પરત આવતા થઇ રહેલી આતશબાજીમાં ફટાકડો માથે પડતાં સમજાવવા ગયેલા પ્રૌઢ અને તેના ભત્રીજા પર હુમલો કરી પ્રૌઢને છરીનો ઘા ઝીંકી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી ગંજીવાડા મેઇન રોડ પર રહેતા મનપામાં કોન્ટ્રાક્ટબેઇઝ પર ડ્રાઇવર તરીકે નોકરી કરતાં અમૃતભાઇ પ્રેમજીભાઇ ગોહેલે (ઉ.વ.૫૬) થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગંજીવાડાના મહેન્દ્ર ઉર્ફે મતુનું નામ આપ્યું હતું. ફટાકડો અમૃતભાઇના ભત્રીજા દીપક પર પડતાં દીપક તેને સમજાવવા જતાં આરોપી મહેન્દ્રએ તેની સાથે બોલાચાલી કરી હતી જેથી અમૃતભાઇ સમજાવવા જતાં મહેન્દ્રએ બંનેને મારકૂટ કરી હતી અને અમૃતભાઇને ખંભાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

### કારમાંથી ૨૦૦ લીટર દેશી દારૂ સાથે એક ઝબ્બે

કુવાડવા રોડ પર ભીચરી ગામની એચ.એન.શુકલા કોલેજ પાસે સ્વીફ્ટ કારમાંથી ૩૦૦ લીટર દેશી દારૂ રૂા. ૬ હજાર અને કાર મળી રૂા. ૧.૧૬ લાખના મુદામાલ સાથે ક્રાઇમ બ્રાંચની ટીમે સંજય જીંજરીયાને દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત અનુસાર ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ આર.જી. પઢારીયા, વિજયગીરી ગોસ્વામી સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોકકસ બાતમીના આધારે ખેરડી ગામથી ભીચરી ગામ તરફ કાળા કલરની સ્વીફ્ટ કારમાં દેશી દારૂ લઇને રાજકોટ તરફ આવતી હોવાની માહિતીથી કુવાડવા રોડ પર ભીચરી નજીક એચ.એન.શુકલા કોલેજ પાસે વોચમાં હતા ત્યારે ત્યાંથી નીકળેલી જીજે ૦૧ એચએન ૨૨૦૦ નંબરની સ્વીફ્ટ કારને અટકાવીને અંદર તપાસ કરતા કારની સીટની પાછળના ભાગેથી બાચકાની અંદર તપાસ કરતા તેમાંથી દેશી દારૂ ૨૦૦ લીટરનો જથ્થો મળી આવ્યો હતો. જેથી ક્રાઇમ બ્રાંચની ટીમે કાર ચાલક સંજય સુરેશ જીંજરીયા (રહે. નારાયણનગર શેરી નં. ૮, કોઠારીયા સોલવન્ટ)ની ધરપકડ કરીને દેશીદારૂ અને કાર મળી રૂા. ૧.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી દેશી દારૂ કયાંથી લઇ આવેલ તે અંગે વધુ પુછપરછ હાથ ધરી હતી.



## સોમવારે શનિજયંતિ અને સોમવતી અમાસઃ શનિ ઉપસનાનો શુભ દિવસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

વૈશાખ વદ અમાસનો સોમવાર તા.૩૦ના દિવસે શનિજયંતિ છે. સાથે સોમવતી અમાસ પણ છે. આથી આ દિવસે શનિગ્રહની ઉપાસના તથા પિતૃદેવની ઉપસના તથા મહાદેવજીની ઉપસના પુજા કરવી ઉત્તમ ગણાય પુજાવિધિઃ સોમવારે શનિજયંતિ હોવાથી સવારે વહેલા ઉઠી અને ત્યારબાદ નિત્ય પૂજા કર્યા પછી શનિદેવના મંદીરે જવું. શનિદેવની મુર્તિ ઉપર તેલનો અભિષેક કરવો, અળદની બનેલી વાનગી ધરાવી ત્યારબાદ આરતી ઉતારવી.

દાનઃ શનિકૃપા મેળવા માટે તથા નાની મોટી પનોતી મેંથી રાહત મેળવા માટે કાળો ધાબળો, કાળુ અથવા બ્લુ વસ્ત્ર, પગરખા, કાળી છત્રી, તેલનુ દાન કરવું ઉત્તમ ફળદાયક ગણાય દાન માટેનો શુભ સમયઃ સોમવારે સવારે ૬.૦૪થી સાંજે ૫ વાગ્યા સુધી. આ ઉપરાંત સોમવારે હનુમાનજીની પણ ઉપાસના કરવાથી શનિગ્રહના આશીર્વાદ મળે છે. હનુમાનજીને તેલ, અળદ, ચડાવા સરસવના તેલનો દિવો કરવો, હનુમાન ચાલીસાના પાઠ કરવા પણ ઉત્તમ ફળદાયક રહેશે.

જે લોકોની જન્મકુંડળીમાં શની અને રાહુનો શ્રાપિતદોષ હોય શની, ચંદ્રનો વિષયોગ હોય શની દુષીત હોય તો શનિ જયંતિના દિવસે ઉપવાસ રહી અને શનિદેવતા તથા હનુમાનજીની ઉપસના કરવાથી રાહત મળશે.

સોમવતી અમાસના દિવસે મહાદેવજીની ઉપસના કરવી પણ ઉત્તમ ફળ દાયક ગણાય છે. આ દિવસે દુધમાં કાળાતલ તથા સાકરનો ભુક્કો પધરાવી મહાદેવજીને ચડાવી ૐ નમઃ શિવાય મંત્રની એક અથવા પાંચ માળા કરવી જીવનમાં શાંતી મળશે.


સોમવતી અમાસના દિવસે પિતૃદેવની ઉપસના કરવી પણ ઉત્તમ ફળદાયક ગણાય છે. સોમવારે સવારે દુધ, પાણી અને કાળાતલ મિકસ કરી અને સર્વે પિતૃનું નામ લઈ અને પીપળે ચડાવું પિપળાની પ્રદક્ષિણા કરવી, પીપળા નીચે બેસી વિષ્ણું સહસ્ત્ર નામના પાઠ કરવાથી પિતૃઓને મોક્ષગતી મળશે અને પિતૃઓના આર્શીવાદ થકી જીવનમાં સુખ શાંતી આવશે.

સોમવતી અમાસના દિવસે પિતૃતર્પણ કરાવું, મહાદેવજીની રૂદ્ર લઘુરૂદ્ર કરાવો, શનિગ્રહ પુજા કરાવી ઉત્તમ ફળદાયક રહેશે.



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

### રાજકોટમાં બપોર પછી પવન ફૂંકાયોઃ ગરમીમાં રાહત



## પંજાબ-હરિયાણામાં લગ્ન સમારોહમાં ફિલ્મી ગીતો વગાડતા પહેલા લાયસન્સ લેવું પડશે

**ખાનગી મ્યુઝીક કંપનીએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને કોપીરાઈટના નામે સંગીત વગાડવાની મંજૂરી બદલ લાઈસન્સ ફીની માગણી કરી હતી તેનો ચુકાદો અપાયો**

(એજન્સી સમાચાર)

પંજાબ,તા.૨૮

પંજાબ હરિયાણા હાઈકોર્ટે આપેલા આદેશ મુજબ લગ્ન સહિત કોઈપણ પ્રકારના સમારોહમાં હવેથી લાયસન્સ ફી આપ્યા વગર સંગીત વગાડી શકાશે નહીં. અત્રે જણાવવાનું કે આ મામલે નોવેકસ કંપનીએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને કોપીરાઈટના નામે સંગીત વગાડવાની મંજૂરી બદલ લાઈસન્સ ફીની માગણી કરી હતી. હવે હાઈકોર્ટના આ આદેશ બાદ જાહેર સ્થળો પર ક્યાય પણ જેમ કે લગ્ન સમારોહ જ્યાં યોજાય છે તે હોલ કે અન્ય જગ્યાઓ, હોટલ વગેરેમાં સંગીત વગાડવા પર પહેલેથી નિર્ધારિત ફી ચૂકવવાની રહેશે. અહીં એક વાત ખાસ જણાવવાનું કે હાઈકોર્ટે સુનાવણી દરમિયાન નોટિસને રદ્દ કરતા ખાસ જણાવ્યું કે આ આદેશ ઘરોમાં જે પ્રકારે લગ્ન સમારોહ યોજાય છે તેમાં સંગીત વગાડવા પર લાગૂ પડશે નહીં. એટલે કે ઘર આંગણે લગ્નનું આયોજન થાય તો આદેશ લાગૂ નહીં. લગ્ન પ્રસંગોમાં સામાન્ય રીતે બોલીવુડ ગીતો કે અન્ય હિન્દી કે બીજી ભાષાના ગીતો વાગતા હોય છે અને લોકો તેના પર ડાન્સ કરીને મજા લેતા હોય છે. પરંતુ પંજાબ-હરિયાણા હાઈકોર્ટે એક મહત્વનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે આયોજનકર્તાઓએ હવે જાહેર જગ્યાઓ જેમ કે બેન્ડ હોલ, કે લગ્ન માટેના હોલ જેવી જગ્યાઓ પર થનારા લગ્ન સમારોહમાં જો સંગીત વગાડવું હોય તો લાઈસન્સ લેવું પડશે. કોર્ટમાં લગ્ન સમારોહમાં વાગતા ફિલ્મી ગીતો સંલગ્ન એક અરજી પર સુનાવણી ચાલી રહી હતી.

## વિદેશી દારૂના ગુન્હામાં આરોપીને જામીન મુકત કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨૮

વિદેશી દારૂના કેસમાં પોલીસની રીમાન્ડ અરજી અદાલતે ફગાવી દઈ આરોપીને જામીન મુકત કરવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ શાપર-વેરાવળ વિસ્તારમાંથી વિદેશી દારૂની ૧૨૫ બોટલ પોલીસે ઝડપી લઈ આરોપી મેરામણ ઉર્ફે રમેશ, જીતુ, ધર્મેશ ઉર્ફે ભુરો અને કમલેશની ધરપકડ કરી બુલેટ અને કાર કબ્જે કરી હતી. ઝડપાયેલા ચારેય આરોપીઓને કોર્ટે જામીન પર મુકત કર્યા બાદ પોલીસે આરોપી વનરાજ ઉર્ફે લાલા બુટલેગરની અટક કરી કોટડાસાંગાણી કોર્ટમાં ત્રણ દિવસના રીમાન્ડ માંગ સાથે અરજી કરી હતી.

જે અરજી ચાલવા ઉપર આવતા આરોપીના એડવોકેટ વિવેક સાતા દ્વારા રીમાન્ડ અરજી વિરૂધ્ધ કરી કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ કોર્ટે પોલીસની રીમાન્ડ અરજી નામંજુર કરી આરોપીને રૂા.૧૫ હજારના જાતમુચરકાના જામીન પર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં આરોપી તરફે યુવા એડવોકેટ વિવેક સાતા અને નિધિ સાતાએ ધરધાર દલીલો કરી હતી.

# આજી નદીમાં ગંદકી-કચરાની રેલમછેલ, માત્ર બે વાહનો 'છીંડે' ચડ્યા




## આજી રીવર રી-ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અને આજી રીવરફ્રન્ટ યોજના હજુ કાગળ પર જ હોવાનું અનુભવતા રાજકોટવાસીઓ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

રંગીલું રાજકોટ શહેર જેના કાંઠે વસ્યું અને વિકસ્યુંએ આજી નદીની અવદશા યથાવત રહી છે. વર્ષો નહીં પણ દાયકાઓથી આજી નદીને સ્વચ્છ કરવાની વાતો થાય છે પણ નક્કર કામગીરીનો અભાવ ઉડીને આંખે વળગે છે.

રાજકોટ શહેરની શાનબની શકવાની ક્ષમતા ધરાવતી આજી નદીને ગંદી કરનારા લાપરવહો સામે લાંબા સમય બાદ મ્યુનિ.કોર્પોરેશનને આળસ ખંખેરીને અંખ લાલ કરી છે. જે કાર્યવાહી જોઈએ તો 'પાશેરમાં પ્રથમ પૂણી' સમાન છે.

કારણ કે, માત્ર બે વાહનો આજી નદીમાં કચરો ઠાલવતા છીંડે ચડ્યા છે. હકીકતે દરરોજ રાત્રે આજી નદીમાં અઢળક કચરો ઠાલવી દેવામાં આવી રહ્યો છે.

રાજકોટ શહેરની વચ્ચેથી પસાર થતી આજી નદીમાં કેટલાક વાહનચાલકો દ્વારા બાંધકામ કાટમાળ અને અન્ય કચરો ઠાલવવાની પ્રવૃતિ થતી હોવાનું ધ્યાને આવતા રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર અમિત અરોરાની સૂચના અનુસાર સુરક્ષા વિભાગના ડીવાય.એસ.પી. આર.બી. ઝાલા અને પર્યાવરણ ઈજનેર નિલેશભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ સુરક્ષા વિભાગ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા આવા વાહનચાલકો સામે આકરા પગલા લેવામાં આવ્યા છે.

તાજેતરમાં આજી નદીમાં કચરો ઠાલવવા આવેલ એક ટ્રેક્ટર વાહન નંબર-જી.જે.૨૩ ડી ૨૧૯૫ અને લારી નંબર-જીજે૧૧ ડબલ્યુ ૫૫૨૭ ને ઝડપી પાડવામાં આવેલ અને ત્યારબાદ આ વાહન આર.ટી.ઓ.માં જમા કરાવવામાં આવેલ હતું.

આ ઉપરાંત એક છકડો પણ આજી નદીમાં સી. એન્ડ ડી. કચરો ઠાલવતા ઝડપાઈ જતા તેના ચાલક પાસેથી રૂ.૩,૦૦૦ નો સફાઈ અંગેનો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવેલ હતો.

જો કે, જાગૃત નગરજનો આક્રોશ ઠાલવે છે કે, મહાપાલિકા દ્વારા આજી નદી શુદ્ધિકરણ માટે પ્રચંડ ઝુંબેશ ઉપાડવી જોઈએ. ક્યારેક ક્યારેક જ આવી કાર્યવાહીથી કઈ થશે નહીં. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વર્ષો પહેલા આજી નદીના શુદ્ધિકરણ અને વિકાસના આયોજન અન્વયે આજી રીવર રી-ડેવોપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. પરંતુ અત્યાર સુધી કાગળ ઉપર જ કામગીરી થતી હોય એવું શહેરીજનો અનુભવી રહ્યા છે. કારણ કે, આજી નદીમાં ૧૦ કિ.મી. જેટલા લાંબા બન્ને કિનારા પર અલગ-અલગ ૪૨ જેટલી જગ્યાઓથી પાઈપ તેમજ વોંકળાઓનું ગંદુ પાણી ઠલવાય છે.

આ સાથે વારંવાર આજી નદીમાં ગાંડીવેલનું સામ્રાજ્ય છવાઈ જાય છે.

આજી નદીના કાંઠા વિસ્તારમાં બેફામ દબાણો અને પેશકદમી થાય છે, જે પણ હટાવવા જોઈએ. આ ઉપરાંત આજી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ પણ લાંબા સમયથી અધ્ધરતાલ છે, તેને ઝડપથી આગળ ધપાવવો જોઈએ એવું નગરજનો ઈચ્છી રહ્યા છે.(૫)

---

### બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપના દિન નિમિતે

## નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ સહિતના કાર્યક્રમનું આયોજન



### રવિવારે મોઢ વણિક બોર્ડીંગ ખાતે કરાયું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપના દિન નિમિતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન તથા સારવાર કેમ્પ મેગા મેડિકલ નિદાન તેમજ દવા વિતરણ કેમ્પ, ભજન સંધ્યા કાર્યક્રમ ગીત, ગઝલ અને ડાયરાનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય ગાયક વિનોદ પટેલ તથા ટીમ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું આયોજન તા.૨૯ ને રવિવારે મોઢ વણિક બોર્ડીંગ, ૫-રજપૂતપરા, માલવીયા પંપની સામેની શેરી પાસે કરાયું છે.

નિઃશુલ્ક સર્વરોગ નિદાન તથા સારવાર કેમ્પ, મેગા મેડિકલ નિદાન તેમજ દવા વિતરણ કેમ્પ સાંજે ૪ થી ૭ રાખેલ છે.

ભજન સંધ્યા કાર્યક્રમ ગીત ગઝલ અને ડાયરો સાંજે ૭ થી ૯:૩૦ સુધી રાખેલ છે. બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યોને ભાવભર્યું આમંત્રણ ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાયએ પાઠવ્યું છે.

---

## શહેર ભાજપ દ્વારા મન કી બાતની સાથે ટીફીન બેઠકના કાર્યક્રમો યોજાશેઃ કમલેશ મિરાણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી કિશોરભાઈ રાઠોડ તથા નરેન્દ્રસિંહ ઠાકુરનીએક અખબારી યાદીમાં જણાવાયું છે કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દર મહિનાના છેલ્લા રવિવારે મન કી બાતનો કાર્યક્રમ યોજવામાં આવે છે. અંતર્ગત આવતીકાલે સવારે ૧૧ વાગ્યે મન કી બાતનો કાર્યક્રમ ટેલીકાસ્ટ કરવામાં આવશે તેમજ આ સાથે ટીફીન બેઠક પણ યોજાશે.

તો આ મન કી બાતનો કાર્યકમ શહેરના શકિત કેન્દ્રમાં આવતા બુથોમાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓ તેમજ પેજ સમિતિના સભ્યોને સાંભળવા શહેર પ્રમુખ કમલેશ મિરાણી, જીતુ કોઠારી, કિશોર રાઠોડ તથા નરેન્દ્રસિંહ ઠાકુરે જાહેર અનુરોધ કરેલ છે.

---

## શહેર ભાજપ દ્વારા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાનું એરપોર્ટ ખાતે સ્વાગત કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૮: કેન્દ્રીયમંત્રી મનસુખભાઈ માંડવીયા રાજકોટ ખાતે પધાર્યા ત્યારે શહેર ભાજપ દ્વારા મનસુખભાઈ માંડવીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે કમલેશ મિરાણી, ગોવિંદભાઈ પટેલ, ઉદયભાઈ કાનગડ, કિશોરભાઈ રાઠોડ તેમજ નરેન્દ્રસિંહ ઠાકુર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## વી.વી.પી. કોલેજે શ્રેષ્ઠ આર્કિટેકચર કોલેજની કેટેગરીમાં દેશમાં પાંચમું સ્થાન મેળવ્યું

### પશ્ચિમ ભારતની કોલેજોમાં ત્રીજુ સ્થાન મેળવી રાજકોટ તથા ગુજરાતનું નામ રોશન કરેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

વી.વી.પી.સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કીટેક્ચર છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ઉચ્ચસ્તરના સ્થાપત્યકલા શિક્ષણ થકી સામાજિક ઉત્તરદાયિત્વની ભાવનાસભર, કૌશલ્યવાન અને પ્રખર રાષ્ટ્રવાદી આર્કીટેકટસનું સફળતાપૂર્વક ઘડતર કરી રહેલ છે. તજજ્ઞ અને અનુભવી કર્મચારીગણ, આધુનિક સંશાધનો અને આયોજનબધ્ધ શૈક્ષણિક ક્રિયા-કલાપો થકી સૌરાષ્ટ્ર-કચ્છની સર્વ પ્રથમ આર્કીટેક્ચર કોલેજનું બહુમાન ધરાવતી ઈપ્સાએ સ્થાપત્યકલા શિક્ષણ ક્ષેત્રે આગવું અને માનભર્યું સ્થાન મેળવી અનેક સિધ્ધીઓ તથા પારીતોષિક પ્રાપ્ત કર્યા છે.

જેમાં રાષ્ટ્રની આર્કીટેકચર કોલેજોના માનવબળ, સંશાધનો, વ્યવસ્થા અને આયોજન, ક્રિયા-કલાપો, શૈક્ષણિક ગતિવિધીઓ વગેરે અંગેની તલસ્પર્શી માહિતીની મુલવણી કરી શ્રેષ્ઠ આર્કીટેક્ચર કોલેજોના ક્રમાંક જાહેર કરવામાં આવેલ તે અનુસંધાને રાજકોટની વી.વી.પી.સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કીટેક્ચરએ પોતાની સ્થાપત્યકલા શિક્ષણ વ્યવસ્થાની ઉચ્ચ ગુણવત્તાના જોરે ભારતભરની આર્કીટેકચર કોલેજોમાં પાંચમા ક્રમાંકની શ્રેષ્ઠ આર્કીટેક્ચર કોલેજ નો ખિતાબ તેમજ પશ્ચિમ ભારતની કોલેજોમાં ત્રીજુ સ્થાન મેળવી શૈક્ષણિક ક્ષેત્રે રાજકોટ તથા ગુજરાતનું નામ રોશન કરેલ છે.

ઈપ્સાએ મેળવેલ આ ઉપલબ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી લલીતભાઈ મહેતા, ટ્રસ્ટીગણ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર તથા ડો.નરેન્દ્રભાઈ દવે તથા ઈપ્સાનાં ડિરેકટર આર્કિ. કિશોરભાઈ ત્રિવેદીએ ઈપ્સાના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીગણને સહર્ષ બિરદાવી પ્રોત્સાહિત કરેલ હતા. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૬)

---

## શહેર ભાજપના કાર્યકર્તાઓ આટકોટ જવા રવાના થયેલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ તથા નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુકત યાદીમાં જણાવાયું છે કે, દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે આટકોટ ખાતે પધારી રહ્યા છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન શહેરભરમાંથી આજે વહેલી સવારથી રાજકોટ ભાજપના કાર્યકર્તાઓ આટકોટ જવા રવાના થયેલ હતા. જેમાં શહેરના અંદાજે ૨૦ હજારથી વધુ કાર્યકર્તાઓ બસ અને ફોર વ્હીલર મારફત રવાના થયેલ હતા.

---

### (અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## કોઇ નાગરિક નાણા વિના સારવારથી વંચિત રહેતો નથીઃ વડાપ્રધાન

સસ્તી અને શ્રેષ્ઠ સારવારનો લાભ મળશે. વડાપ્રધાને કહ્યું હતું કે, મારી સરકારે ૮ વર્ષમાં ગરીબોનાં કલ્યાણને સર્વોચ્ચ અગ્રતા આપી છે. પૂજ્ય બાપુનાં સપનાનું ભારત બનાવવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે. દલિતો, ગરીબો, માતાઓ- બહેનો, યુવાનોનાં કલ્યાણ અને વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. અર્થતંત્રને સંપૂર્ણ સ્વદેશી બનાવવામાં અમારી સરકારે શ્રેષ્ઠ કામ કર્યું છે. આદિવાસીઓ, દેશની દીકરીઓ અને પીડિતોને સશક્ત બનાવવા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ત્રણ કરોડ ગરીબોને અત્યાર સુધીમાં પાકા ઘર આપવામાં આવ્યા છે. ૧૦ કરોડ પરિવારોને ધુમાડો ઓકતા ચૂલાથી મુક્તિ આપવામાં આવી છે. ૬ કરોડ લોકોને નલ સે જલ યોજના થકી પીવાનું શુધ્ધ પાણી આપવામાં આવી રહ્યું છે. ૫૦ કરોડ લોકોને રૂ.૫ લાખ સુધીની મફત મેડીકલ સુવિધા અને સારવારની યોજના થકી લાભ મળતો થયો છે. વિધવાઓ, અશક્ત બહેનો, કિસાનોને જનધન ખાતામાં સીધી નાણાસહાય કરવામાં આવી રહી છે. આજે મારી માતાઓ અને બહેનોને સન્માનભેર જીવન જીવવાની તક મળી છે. પોતાના શાસનની સફળતા માટે ગુજરાતની માટીમાંથી મળેલા સંસ્કારોને યશ આપતા વડાપ્રધાને કહ્યું હતું કે, આજે આપે આપેલી શિક્ષા, આપે મને આપેલા સંસ્કારો અને ગુજરાતની આ માટીનાં મુલ્યો થકી અમે સરકારનાં ૮ વર્ષ પૂર્ણ કર્યા છે અને એ માટે હું મારૂ માથું નમાવી ગુજરાતની જનતાનો આભાર વ્યક્ત કરું છું. ભારત માતા કિ જય થી પ્રવચનની શરૂઆત અને સમાપન કરનાર વડાપ્રધાને આટકોટની કે.ડી.પરવાડીયા મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલનાં લોકાર્પણની તક મળી એ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો અને સહુનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, આટકોટની આ હોસ્પિટલ સમગ્ર સૌરાષ્ટ્રનાં ગરીબો અને તમામ વર્ગો માટે આશિર્વાદરૂપ સેવા બની રહેશે. આવું મોટું કામ કરનાર ડો.ભરત બોઘરા અને એમની ટીમ, તમામ દાતાઓ અને એ દાતાઓની માતાઓને પણ અભિનંદન આપું છું. જેમણે આવા સંતાનોને જન્મ આપ્યો. આટલી ગરમીમાં આટલી મોટી સંખ્યામાં હાજર રહેનાર માતાઓ અને બહેનો અને સહુનો હૃદયથી આભાર માનતા વડાપ્રધાને કહ્યું હતું કે, આપનાં આશિર્વાદ એ જ મારી શક્તિ અને મૂડી છે. આપના આશિર્વાદથી જ મેં દેશ અને ગુજરાતની સેવા કરવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે એ બદલ હું માતા અને બહેનોને નત મસ્તકે પ્રણામ કરું છું. વડાપ્રધાને કહ્યું હતું કે, જયારે સરકારની સેવા સાથે જનતાનો સાથ મળે છે ત્યારે આમ જનતાને વધુ સારી સેવાઓ પ્રાપ્ત થાય છે. વડાપ્રધાને આટકોટમાં આટલું મોટું કામ કરવા બદલ પાટીદાર સમાજને અભિનંદન આપી સમાજનાં સેવા અને સમર્પણની ભાવનાને ખૂબ જ બિરદાવ્યા હતા. વડાપ્રધાને તમામ દેશવાસીઓને સૌનો સાથ, સૌની સારવારનો નવો જીવનમંત્ર આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ૮ વર્ષ પહેલા તમે મને ગુજરાતમાંથી વિદાય આપી હતી પણ લાગે છે કે તમારો પ્રેમ વધતો જાય છે. તમે આપેલા શિક્ષા અને સંસ્કારનું પરિણામ છે કે, મેં ૮ વર્ષ દેશની સેવામાં કોઈ કચાસ રાખી નથી. હું માથું નમાવી ગુજરાતની પ્રજાનો આભાર માનું છું અને સહુનો આદર કરું છું. આ પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, અગાઉ લોકોને સારવાર લેવા માટે પણ દૂર- દૂર સુધી જવું પડતું હતું. આજે ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને આશિર્વાદથી ગુજરાતનાં યુવાનોને ઘરઆંગણે સર્વોતમ મેડીકલ શિક્ષણ મળી રહ્યું છે. આજે વડાપ્રધાનની પ્રેરણાથી આપણે જન-જન સુધી આરોગ્ય સેવાઓને પહોંચાડી શક્યા છીએ. કે.ડી.પરવાડીયા મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલનાં સ્વપનદ્રષ્ટા ડો.ભરત બોઘરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે પ્રારંભમાં વિખ્યાત કાઠિયાવાડી ચારણી દોહો લલકાર્યો હતો અને જણાવ્યું હતું કે, આજે આટકોટની ધરતી પર સોનાનો સુરજ ઉગ્યો છે. અહીં રચાયેલા આરોગ્ય મંદિરનો પ્રકાશ ગરીબોનાં ઘર સુધી પહોંચી રહ્યો છે. ખૂબ જ વ્યસ્ત હોવા છતાં સમય આપીને હોસ્પિટલનું લોકાર્પણ કરવા આપણા દેશના પનોતાપુત્ર અને લોકલાડીલા વડાપ્રધાન આટકોટ પધાર્યા છે. ત્યારે હું એમનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું અને એમનો આભાર માનું છું. આજે આપણે ગામડાઓમાં વસતા નથી પણ આપણે બધા વડાપ્રધાનનાં હૃદયમાં વસી રહ્યા છીએ. આજે એમણે ગરીબોની ચિંતા કરી અને અહીં આગમન કર્યું એ એમનો ઉપકાર આટકોટ અને સૌરાષ્ટ્રની ગરીબ પ્રજા કદી નહીં ભૂલે. ડો.બોઘરાએ કહ્યું હતું કે, હું મેડીકલમાં અભ્યાસ કરતો હતો ત્યારે જ મેં આટકોટ જેવા નાના ગામમાં આધુનિક હોસ્પિટલ બનાવવાનું સપનું જોયું હતું. ગરીબોને શ્રેષ્ઠ સારવાર મળી રહે એવું મારૂ સપનું આજે વડાપ્રધાનની પ્રેરણાથી સાકાર થયું છે. ડો.બોઘરાએ સ્પષ્ટ એવી હૈયાધારણા આપી હતી કે, કોઈ દર્દી પાસે પૈસા હોય કે ન હોય, આયુષ્માન કાર્ડ હોય કે ન હોય, કોઈ દર્દી અહીંથી સારવાર વિના પાછો નહીં જાય. વડાપ્રધાન આજે અહીં પધાર્યા છે. એ એમના સન્માનમાં આજે હું આ જાહેરાત કરું છું. બોઘરાની વિનંતીથી પ્રચંડ જનમેદની તથા ઉપસ્થિત તમામ મહાનુભાવોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. ત્યારે વડાપ્રધાન પણ ભાવવિભોર થઇને ઉભા થઇ ગયા હતા અને જંગી જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું. વડાપ્રધાને સવારે હોસ્પિટલનું લોકાર્પણ કર્યા બાદ વિવિધ વિભાગોની મુલાકાત પણ લીધી હતી અને મેડીકલ સુવિધા અને આધુનિક સાધનોનું નિરીક્ષણ કરી જરૂરી માહિતીથી વાકેફ થયા હતા. વડાપ્રધાને ઉમેર્યું હતું કે, ગુજરાતની માટીનાં સંસ્કાર એવા છે કે, મેં ૮ વર્ષમાં ભૂલથી પણ કંઈ ખોટું કર્યું નથી. એનડીએ સરકારનાં ૮ વર્ષ ગરીબો, માતાઓ અને આદિવાસીઓ તથા યુવાનોને સમર્પિત રહ્યા છે. અગાઉની સરકારો વખતે ગુજરાતની યોજનાઓ પેન્ડીંગ જ પડી રહેતી. મોદીનું નામ જોઇને જ એમનું મગજ ફટકી જતું હતું અને યોજનાઓને અભેરાઈ પર ચડાવી દેવામાં આવતી હતી. વડાપ્રધાને અગાઉની સરકારની કામગીરી પર ભારે આકરા પ્રહારો કર્યા હતા. જયારે ભાજપ પ્રેરિત એનડીએ સરકારની ૮ વર્ષની સિધ્ધિઓનું વિગતવાર આંકડાઓ સાથે વર્ણન કરી ખૂબ વિનમ્રતા સાથે લોકોનાં આશિર્વાદ

---

## 30 મહિલાઓ 'આપ' માં જોડાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

આમ આદમી પાર્ટીની વિચારધારા તેમજ દિલ્હી અને પંજાબ સરકારના કાર્યોથી પ્રભાવીત થઈ ડો. બનસી તકવાની એ ઈસુદાનભાઈ રાજકોટના પ્રવાસ દરમ્યાન તેમના હસ્તે આપનો ખેસ પહેરી પાર્ટીમાં પ્રવેશ મેળવ્યો. આ પ્રસંગે ઈન્દ્રનીલભાઈ રાજગુરૂ, રાજભા ઝાલા તેમજ વશરામભાઈ સાગઠીયા ઉપસ્થિત રહયા હતા. તેમજ શહેર મહિલા મહામંત્રી તનુજાબેન દોશી ની અધ્યક્ષતામાં 30 મહિલાઓ પોતાની સમસ્યાઓને પડતી મુશ્કેલી અંગે રૂબરૂ રજુઆત માટે આવેલ અને તેના પ્રશ્નોનું નિરાકરણ થતા તમામ મહિલાઓએ આમ આદમી પાર્ટી મધ્યસ્થ ાર્યાલય ખાતે આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરી વિધિવત રીતે જોડાયા હતા.

---

### (અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## સેન્ડિયમ માન્ચ ટિકિટ ધારકોને ગિરનાર રોપની ફ્રી મુસાફરી

કરવામાં આવશે. જે ૧ મહિના માટે લાગુ પડશે. એટલે કે સ્ટેડિયમની ટિકિટ ધારકોએ ૧ મહિનાની અંદર આ ટિકિટ બતાવી ફ્રિમાં રોપ-વેની સફર માણી શકશે. આમ, ભારતના સૌથી લાંબા ગિરનાર રોપ-વેમાં ફ્રિમાં બેસવાની તક ક્રિકેટ રસિકોને મળશે. તેમ ઉષા બ્રેકો કંપની આસિટન્ટ વાઇસ પ્રેસીડન્ટએ જણાવ્યું છે.(૧૩.૧૧)

## યુવાનના અકસ્માત મોતના કેસમાં રૂ.૧૫.૮૪ લાખનું વળતર

માતા-પિતાએ રાજકોટ કોર્ટના દ્વાર ખખડાવેલ અને રાજકોટમાં અકસ્માત કલેઈમ કેશ દાખલ કરેલ અને વીમા કંપની દ્વારા આ અકસ્માતમાં ગુજરનાર રાહુલને કારણે આ અકસ્માત થયેલ હતો , રાહુલભાઇ અકસ્માત વખતે ૨ થી ૩ હજાર કમાતા હતા એવા વાંધા કાઢવામાં આવેલ હતા પરંતુ ગુજરનારના વારસદારો દ્વારા જે વકીલ રોકવામાં આવેલ હતા તેની દલીલો, રજુઆત સામે વીમા કંપનીની દલીલ ટકી શકેલ નહી અને આ કેસમાં રાજકોટની ફાસ્ટટ્રેક કોર્ટમાં ચાલી જતા બે વર્ષ અને ૧૦ માસમાં પુરો ચાલી જતા રાજકોટના છઠ્ઠા એડીશ્નલ ડિસ્ટ્રીકટ પ્રશાંત જૈને વીમાબકંપની ધી ન્યુ ઇન્ડિયા ઇ.કયુ.એ ગુજરનાર રાહુલના માતા-પિતાને રૂ.૧૫,૮૪,૦૦૦ એક માસમાં વળતર ચુકવવાનો હુકમ કર્યો હતો. કેસમાં મૃતકના માતા-પિતા વતી ધારાશાસ્ત્રી રવિન્દ્રભાઇ ડી. ગોહિલ, શ્યામ જે. ગોહિલ, મૃદુલા એસ. ગોહિલ, હિરેન જે. ગોહિલ તથા મદદમાં મદદનીશ દીનેશ ડી. ગોહિલ, દીવ્યેશ કણઝારીયા, ક્રિશન મારૂ વગેરે રોકાયેલા હતા.


### (અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

બદલ માથું ઝુકાવી ઋણ સ્વીકાર કર્યો હતો. વડાપ્રધાન આટકોટથી રાજકોટ થઈને ગાંધીનગર રવાના થયા છે. જ્યાં વડાપ્રધાન રાજભવનમાં રોકાણ કરશે. સાંજે ૪ વાગ્યે વડાપ્રધાન મોદી મહાત્મા મંદિરમાં યોજાયેલા સહકારી સંમેલનને સંબોધન કરશે. કલોલ ખાતેનાં અતિઆધુનિક નેનો યુરીયા પ્લાન્ટનું લોકાર્પણ કરશે. એક દિવસની યાત્રા બાદ વડાપ્રધાન સાંજે નવી દિલ્હી જવા રવાના થશે. આટકોટમાં પ્રચંડ જનમેદની એકઠી થઇ હતી અને હર્ષનાદો સાથે વડાપ્રધાનને લોકોએ હરખભેર આવકાર્યા હતા. વિશાળકાય ડોમ આખો ખીચોખીચ થઇ ગયો હતો અને ડોમની બહાર મેદાનમાં પણ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી પાટીદાર સમાજે કાર્યક્રમમાં હાજરી આપી હતી.(૨.૧૨)

Azadi Ka Amrit Mahotsav

ગુજરાત સરકાર

# ભારતના યશસ્વી વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદી
## ની પ્રેરક ઉપસ્થિતિમાં
# આવો, સહુ સાથે મળી, સહકારી ચળવળને વેગવંતી બનાવીએ



**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
માન. વડાપ્રધાન

## સહકારથી સમૃદ્ધિ



**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**
માન. મુખ્યમંત્રી

**તારીખ: ૨૮-૦૫-૨૦૨૨ • સમય: બપોરે ૨:૦૦ વાગે**
**સ્થળ: મહાત્મા મંદિર, ગાંધીનગર**

### સહકારી ક્ષેત્રનો વ્યાપ
- ૮૪૦૦૦ કરતા વધુ સહકારી મંડળીઓ
- ૨.૩૧ કરોડ સભાસદો, દર ત્રીજો ગુજરાતી સહકારી મંડળીનો સભાસદ

### પાક/કે.સી.સી. ધિરાણ પર વ્યાજ સહાય
- ખેડૂતોને પાક ધિરાણ પર આપવામાં આવતી વ્યાજ સહાય હવે રવિ સિઝન માટે પણ આપવામાં આવશે.
- પશુપાલકો અને માછીમારોને પણ રાજ્ય સરકાર દ્વારા કે.સી.સી. ધિરાણ પર ૪ ટકા વ્યાજ સહાય
- ખેડૂતો, પશુપાલકો અને માછીમારોને વ્યાજ સહાય માટે રૂ.૧૬૨૫ કરોડની બજેટ જોગવાઈ

### આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના
- ૨,૦૬,૨૯૮ લાભાર્થીઓને રૂ.૨૫૦૭.૦૩ કરોડની લોન
- રૂ.૨૦૮ કરોડથી વધુની વ્યાજ સહાય અને ઈન્સેન્ટીવ

### મોડલ કોઓપરેટીવ વિલેજ યોજના
- અમદાવાદ જિલ્લાના આદરોડા અને રેથલ, ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા અને આદરજ મોટી, રાજકોટ જિલ્લાના કોલીથડ તથા પંચમહાલ જિલ્લાના પીપેરો ગામની મોડલ કો-ઓપરેટીવ વિલેજ તરીકે પસંદગી
- મોડલ કો-ઓપરેટીવ વિલેજમાં તમામ સાધન-સુવિધા અને સેવાઓ સહકારી સંસ્થાઓ મારફત પુરી પાડવામાં આવશે.



**કાર્યક્રમ સાથે લાઇવ જોડાવા માટે જુઓ:**

CMOGuj | CMOGuj | CMOGujarat



## કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય

## મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા કરાઈ કામગીરી

# મરચુ આખુ (લુઝ) અને શુધ્ધ ઘી (લુઝ) ના નમુના નાપાસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ઉનાળાની ઋતુ દરમિયાન આઈસ ગોલા, ઠંડાપીણા, આઈસ્ક્રીમ વગેરે ખાદ્યચીજોનો વ્યાપક પ્રમાણમાં વપરાશ થાય છે. જેને અનુલક્ષીને રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ઠંડાપીણા, આઈસ્ક્રીમ, દૂધ તથા ફરસાણ વગેરેનું વેચાણ કરતી પેઢીમાં ચકાસણી કરતાં તપાસ દરમિયાન બિન આરોગ્યપ્રદ સ્થિતિમાં સંગ્રહ કરેલ દાજીયું તેલ કુલ ૫ કિલો જથ્થો નાશ કરવામાં આવેલ.

કોઠારીયા રોડ પર આવેલ સંતોષ સ્વીટ ફરસાણમાંથી દાજીયું તેલ પાંચ કિલો જથ્થો નાશ કરવામાં આવેલ.

નવનીત ડેરી ફાર્મ, રાધે શ્યામ ડેરી ફાર્મ, ડિલકસ પાન એન્ડ કોલ્ડ્રીંકસ, સંતોષ સ્વીટ ફરસાણ, બાલાજી આઈસ્ક્રીમ એન્ડ શીખંડ, બાલાજી રસ ડેપો, જલારામ ભજીયા એન્ડ સમોસા અને ઠકકર ખમણ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ગાત્રાડ ટી. સ્ટોલ, મોગલ ડેરી, શ્રી હારી અમુલ પાર્લર, શ્રી હારી સોડા, મોટલ ડેરી ફાર્મ, અંબિકા કોલ્ડ્રીંકસ, પિતૃ કોલ્ડ્રીંકસ ગેલેકસ કોલ્ડ્રીંકસ, યામિસ દાલ પકવાન ઘૂઘરા, કનૈયા ડેરી ફાર્મ અને સીતારામ ફાસ્ટ ફૂડમાંથી જનરલ ચકાસણી કરવામાં આવી હતી.

નાપાસ થયેલ નમુનાની વિગત (૧) મરચુ આખું (લુઝ): ભાવેશભાઈ અરજણભાઇ વિકાણી, સ્થળ- શ્રી રામ મસાલા ભંડાર શ્રી રામ ઉમિયાજી મસાલા માર્કેટ RMC આવાસ યોજના પાછળ, નાના મૌવા સર્કલ, રિઝલ્ટ: સબસ્ટાન્ડર્ડ નાપાસ થવાનું કારણ- મરચાં તથા બીજના ભૂકાનું પ્રમાણ ધારાધોરણ કરતાં વધારે (૨) શુધ્ધ ઘી (લૂઝ): કમલેશભાઇ હશમતરાય જોબનપુત્રા, સ્થળ- શ્રી જય જલારામ ઘી ડેપો- એસ.કે ચોક મેઇન રોડ, રિઝલ્ટ: સબસ્ટાન્ડર્ડ નાપાસ થવાનું કારણ- વેજીટેબલ ઓઇલની હાજરી (૩) શુધ્ધ ઘી (લૂઝ): જોબનપુત્રા બીરેન પિયુષભાઇ, સ્થળ- જલારામ ઘી ડેપો -વિનાયક નગર, મવડી મેઇન રોડ, રિઝલ્ટ: સબસ્ટાન્ડર્ડ નાપાસ થવાનું કારણ- વેજીટેબલ ઓઇલની હાજરી

નમુનાની કામગીરી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાંથી ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ મુજબ ૨ નમૂનો લેવામાં આવેલ (૧) મિક્સ દૂધ (લુઝ): સ્થળ- શિવ શક્તિ ડેરી - જાગનાથ પ્લોટ, એકલવ્ય હોલ પછળ, રાજકોટ. (૨) BISHANT PACKAGED DRINKING WATER (1 LIT PAKED PET BOTTLE): સ્થળ: અલ્પેશભાઇ પ્રતાપભાઈ જોશી - લક્ષ્મીનગર મેઇન રોડ, કૈલાશ ડેરીની સામે, રાજકોટ ઉત્પાદક આકાશ બેવરેજીશ -છાઝઘ ઓફિસ સામે કંડલા બાયપાસ રોડ, ગામ -અમરેલી તાલુકો /જિલ્લો-મોરબી.

### સંતોષ સ્વીટ ફરસાણમાંથી ૫ કિલો દાજીયું તેલનો નાશ




ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન દ્વારા અવેરનેસ કામગીરી મોઢવણિક સમાજવાડી પાસે સમર કેમ્પ અનુલક્ષીને ફૂડ સેફટી અવેરનેસ તેમજ ટેસ્ટિંગ નિદર્શન અંગેની કામગીરી જેમાં અંદાજીત ૧૫૦ વ્યક્તિએ માહિતી મેળવી હતી.

## રાજકોટ આરટીઓ દ્વારા ૩૧મીથી હરાજીની પ્રક્રિયા

# ટુ-ફોર વ્હીલરના મનપસંદ નંબર મેળવવાની તક

### મોટરસાયકલ પ્રકારના વાહનોમાં GJ-3-MJ સિરીઝ અને મોટરકારમાં GJ-3-MH સિરીઝ ઉપરાંત અગાઉની સિરીઝના બાકી ગોલ્ડન-સિલ્વર નંબર મેળવી શકાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ પ્રાદેશિક વાહનવ્યવહારની કચેરી, દ્વારા મોટરસાયકલ પ્રકારના વાહનો માટેની GJ-03-MJ સીરીઝ તથા અગાઉની સીરીઝના બાકી ગોલ્ડન તથા સિલ્વર નંબરોના રીઇ-ઓકશન તા.૩ જૂનના રોજ શરૂ કરવામાં આવનાર છે. ગોલ્ડન નંબર માટે ઓછામાં ઓછી ફી રૂ. ૮૦૦૦ જયારે સિલ્વર નંબર માટે ઓછામાં ઓછી ફી રૂ. ૩૫૦૦ રાખવામાં આવેલ છે. પસંદગીના ગોલ્ડન તેમજ સિલ્વર નંબરો મેળવવા માટે તા.૩૧ થી તા.૨-૬ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તથા તા.૩-૬ ના રોજ રાત્રીના ૧૨ કલાકથી તા.૪-૬ ના રાત્રીના ૧૨ કલાક સુધી ઓનલાઈન ઈ-ઓકશન ખુલ્લુ રહેશે. ઓકશન પૂર્ણ થયે ઇ-ઓકશન પુર્ણ થયે તા.૫-૬ ના રોજ રાત્રીના ૧૨-૧૫ કલાકે કોમ્પ્યુટર દ્વારા જનરેટ પરીણામ પરીવહન સાઇટ પર ઓનલાઇન જોઇ શકાશે. ઈ-ઓકશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સફળ અરજદારે ભરવા પાત્ર થતી રકમ દિવસ - ૫ માં ઈ-પેમેન્ટથી ભરી દેવી તેમજ હરરાજીમાં નિષ્ફળ ગયેલ ઉમેદવારને દિવસ પાંચમાં નાણાં પરત કરવામાં આવશે. જેની નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયુ છે. એ જ રીતે મોટરકાર પ્રકારના વાહનો માટેની GJ-03-MH સીરીઝ તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન તથા સિલ્વર નંબરોના રીઇ-ઓકશન હવે તા.૩ જૂનના રોજ કરવામાં આવનાર છે. ગોલ્ડન નંબર માટે ઓછામાં ઓછી ફી રૂ. ૪૦૦૦૦ જયારે સિલ્વર નંબર માટે ઓછામાં ઓછી ફી રૂ.૧૫૦૦૦ રાખવામાં આવેલ છે. અન્ય પ્રક્રિયા એક સમાન રહેશે.

## વોલીબોલ સ્પર્ધામાં તૃતિય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮: રાજય સરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભ અંતર્ગત જીલ્લા લેવલ વોલીબોલ સ્પર્ધામાં તપોવન સ્કૂલ અન્ડર-૧૪ જીલ્લા કક્ષામાં બહેનોએ તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરેલ તેમજ ૯ હજાર રકમ પ્રાપ્ત કરેલ છે.



આ તકે તપોવન સ્કૂલે તેમજ રાઠોડ લાલજીએ તેઓની આ સિધ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા.

## મોટાદડવાના પત્રકાર બ્રિજેશ વેગડાની દીકરી હિતાર્થિનો આજે જન્મદિવસ



ઘરનાં દરેક સભ્ય દાદીબા વિજયાબાની લાડકી દાદાબાપુ રમેશબાપુની પ્યારી. બંને ફૂઈબા નિશાબેનબા આરતીબેનબાની અતિપ્રેમાળ માતા અલ્પાબેનની અકલ્પનિય હેત વાળી મોટાબાપુ હિતેશબાપુની હેતના દરિયા જેવી હિતાર્થિબેનનો આજે જન્મદિવસે જેમના આજના આ દિવસે, જીવનના આવનારા દિવસો માટે વધારેને વધારે પ્રગતિની શુભેચ્છા, શુભકામના અને આશીર્વાદ તો હમેશા હોય જ...! સાથેસાથે જીવનમાં ઉત્તમ લક્ષસંધાન પૂર્તિ માટે જીવનનો દરેક સૂર્યોદય નવી શક્તિનો સંચાર કરે અને દરેક સૂર્યાસ્ત લક્ષપ્રાપ્તિ માટે કરેલી મહેનતનો સતત અહેસાસ કરાવે...! આયુષ્યમાન ભવ: યશસ્વી ભવ: કીર્તિમાન ભવ: વિદ્યાવાન ભવ: ધનવાન ભવ: જેવા અનેક આશિર્વાદ દાદાબાપુ રમેશબાપુએ ખોબલેને ખોબલે વરસાવ્યા જો કે વેગડા પરિવાર સૌએ આશિર્વાદનો ધોધ વ્હાવ્યો હતો તેમજ મીત્રવૃદ ગ્રુપ ભાઈઓ વડીલો સૌ નાના મોટા સૌએ મો.૯૯૯૮૨૭૨૫૫૫ પત્રકાર બ્રિજેશ વેગડા મોબાઇલ પર સૌએ શુભકામના પાઠવી હતી. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

## જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઝુંપડપટ્ટીમાં બટુક ભોજન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮



જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચૈત્ર માસ નિમિત્તે કોઠારીયા રોડ પર આવેલી ઝુંપડપટ્ટીમાં બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. કોઈપણ સેવા માટે યોગદાન આપવા માંગતા હોય તેઓ જનકલ્યાણ ટ્રસ્ટની ઓફીસે, ૧૦-કાંતિ પ્રકાશ, બીજા માળે પૂનમ ફર્નિચર પાસે, ઢેબર રોડ, રાજકોટ ખાતે સાંજે ચાર થી આઠ સંપર્ક કરી શકશે. ચેરમેન ઉમેશ મહેતાની સાથે વિલાસબેન નશિત, પલ્લવીબેન જોશી, વલ્લભભાઈ વિરડીયાએ જહેમત ઉઠાવી હતી.

## દારૂના ધંધાના ડખામાં હત્યાના સહઆરોપીના જામીન હાઈકોર્ટ મંજુર દ્વારા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

નિલકંઠ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં દારૂના ધંધાના ડખામાં બુટલેગર રાજેશ સોલંકીની થયેલ હત્યાના ગુન્હામાં પકડાયેલા સહઆરોપી વિવેક વિઠ્ઠલભાઈ વડારીયાની જામીન અરજી હાઇકોર્ટે મંજૂર કરી છે.

આ બનાવમાં અનુબેન રાજેશભાઈ સોલંકીએ આરોપી મુખ્ય આરોપી વિશાલ તેમજ સહઆરોપી વિવેક વિઠ્ઠલભાઈ વડારીયા સામે એકસંપ થઈ દસ્તા વડે માથામાં ઈજાઓ કરી મૃત્યુ નીપજાવ્યા અંગે આજી ડેમ પોલીસ સ્ટેશન આઈ.પી.સી.ની કલમ-૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવી હતી. જેમાં બંને આરોપીઓની ધરપકડ કરી જેલહવાલે કરાયા હતા. તેમાં વિવેકે તેમના વકીલ મારફત હાઇકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. તેમાં દલીલમાં જણાવેલ હતું કે બનાવ સમયે આરોપી વિવેક બનાવ સ્થળે હાજર ન હતો અને આરોપી વિવેક અન્ય આરોપી વિશાલભાઈના કારખાનામાં નોકરી કરતા હતા તેમજ સી સી ટીવી ફુટેજમાં આરોપીની હાજરી હતી નહીં. માત્ર શંકાના આધારે આરોપી વિવેકને હત્યા જેવા ગંભીર ગુન્હામાં સંડોવી દીધા હોવાની દલીલો તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈને. ગુજરાત હાઈકોર્ટે વિવેકની જામીન અરજી મંજૂર કરી હતી. આ કામમાં આરોપી વતી એડવોકેટ પિયુષભાઈ શાહ તથા ગુજરાત હાઈકોર્ટના ધારાશાસ્ત્રી ખીલનભાઈ ચાંદ્રાણી અને અશ્વિનભાઈ ગોસાઈ, ભાવીનભાઈ રૂઘાણી, ચિત્રાંક એસ. વ્યાસ, નેહાબેન સી. વ્યાસ, નિતેશભાઈ કથિરિયા, નિવિદભાઈ પારેખ, હર્ષિલભાઈ શાહ, કશ્યપભાઈ ઠાકર, રવિભાઈ મૂલિયા, બિનાબેન પટેલ, રાજુભાઈ ગોસ્વામી વિગેરે રોકાયા હતા.

## છરીથી હુમલો કરી લુંટ કરવાના ગુનામાં આરોપી જામીન મુક્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮



એડવોકેટ: સાહિસ્તાબેન ખોખર

બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં છરીથી હુમલો કરી રૂ. પંદર હજારની લુંટની ફરિયાદ તા.૧૩/૩/૨૦૨૨ના રોજ ભારતીય દંડ સંહીનાની કલમ ૩૯૪, ૧૧૪ તેમજ જી.પી એક્ટની કલમ ૧૩૫ (૧) મુજબની નોંધવામાં આવેલ હતી. જે સબબ આરોપીની ધરપકડ થતા રાજકોટ કોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરતા અદાલતે જામીન અરજી મંજુર કરી છે.

આ કેસની ટુકમા હકીકત એવી છે કે, ફરિયાદી કેવીનભાઈ રાજુભાઈ શાહ પોતે પેડક રોડ ઉપર આવેલ રવિરાજ આઇકીમ કોલ્ડ સ્ટોરેજમાં ડીલીવરી બોય તરીકે નોકરી કરે છે. અને તા.૧૨/૩/૨૦૨૨ના રોજ બપોરના ચાર વાગ્યાના અરસામા પેડક રોડ ઉપર આવેલ સ્ટોરેજથી આઈસ્ક્રીમ લઈને બેડી માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલ ટી - પોસ્ટ નામની દુકાનમાં ગયેલ હતો અને ત્યા આઈસ્ક્રીમની ડીલેવરી કરી પેડક રોડ ઉપર પોતાની નોકરીની જગ્યાએ પરત ફરતો હતો તે દરીયાન સાંજના સાતેક વાગ્યાના અરસામાં ફરીયાદી પારેવડી ચોક ખાતે પહોંચેલ હતા. ત્યારે બે અજાણ્યા શખ્સોએ ફરીયાદીની આગળ એક એકટીવા ઉભું રાખી દીધેલ અને કહેલ કે, તું લાતી પ્લોટમાં આવ તારૂ કામ છે. જેથી ફરિયાદી લાતી પ્લોટમાં આવેલ ગુજરાત ટ્રાન્સપોર્ટ વાળી શેરીમાં ગયેલ ત્યારે આ બંને અજાણ્યા લોકોએ ફરીયાદીને છરીનો ઘા મારી આઈસ્ક્રીમના બીલના રૂ.૧૫૦૦૦ લુટી લીધેલ અને બંને જણા ત્યાથી ભાગી ગયેલ. ફરિયાદ દાખલ થતા ચાર્જશીટ થયા બાદ આરોપીએ પોતાના એડવોકેટ મારફત જામીન મુક્ત થવા રાજકોટ કોર્ટમાં અરજી કરેલ હતી.

જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટએ કરેલ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમાં રાખી કોર્ટ દ્વારા આરોપીને બંને ગુનામાં જામીન મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી રાજકોટના એડવોકેટના રણજીત એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, પ્રહલાદસિંહ બી. ઝાલા, તેમજ મીતેશ એસ. ચાનપુરા રોકાયેલ હતા.

## પ્રેમ પ્રકરણમાં કરેલ તીક્ષણ હથિયાર વડે હુમલાના આરોપીના જામીન મંજૂર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

શહેરમાં પ્રેમ પ્રકરણમાં ગેરકાયદેસર મંડળી રચી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવાના ગુનામાં ઝડપાયેલા આરોપીની જામીન મંજૂર કરવા સેશન્સ કોર્ટે હુકમ કર્યો છે.

શહેરમાં બી ડિવિઝન વિસ્તારમાં રહેતા ફરિયાદી કલાભાઈના દિકરા નિલેશ આરોપી સંજય બેન સાથે બે વર્ષથી પ્રેમસંબંધ હોય અને બાદમાં સસલા ની બહેન ના લગ્ન થઈ ગયા બાદ પ્રેમ સંબંધના કારણે તેણે સાસરિયામાંથી અવારનવાર પિયરિયામાં ચાલીસ આવતી હોય તેનો ખાર રાખી આરોપી રઘુ પાંચાભાઇ સસલાએ ફરિયાદીના ઘરમાં ઘૂસી ફરિયાદીને ગાળો ભાંડી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હોવાની બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો જે રહેલા આરોપી જામીન થવા કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ઉપર આવતા આરોપીના એડવોકેટ કરેલી દલીલો અને રજૂઆતોને ધ્યાને લઇ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ દેસાઈ આરોપીને રૂપિયા ૧૫ હજારના શરતી જામીન ઉપર મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપીના બચાવ પક્ષે ધારાશાસ્ત્રી ચીમનભાઈ ડી.સાંકળીયા, અતુલભાઈ બોરીચા, પ્રકાશભાઈ કેશર, અહેશાન કલાડીયા, મનીષાબેન પોપટ, વિજયભાઈ સોંદરવા અને મકેશભાઈ જાની તેમજ વકીલ આસીસ્ટન્ટ તરીકે નિકુંજ સી.સાંકળીયા અને લલીતભાઈ બારોટ રોકાયા હતા.

## વડિયાના સુરગપરામાં લો-વોલ્ટેજની સમસ્યા

### ટીવી, ફ્રિજ, પંખા, એસી પણ લો-વોલ્ટેજમાં કારણે નહીં ચાલતા લોકો ત્રાહિમામ

(કિરીટ જોટવા દ્વારા)
વડિયા, તા.૨૮

ઉનાળો આવતા જ લોકો ગરમીથી રાહત મેળવવા પોતાના ઘરમાં એસી, પંખા, એર કુલર, ફ્રિજનો સહારો લેતા જોવા મળે છે. પરંતુ વડિયાના સુરગપરામાં વીજ ઉપકારણો લો વોલ્ટેજના કારણે ચાલતા નથી.

સમગ્ર ઉનાળામાં આકરા તાપ અને ગરમીથી બચવા લોકોએ ઘરમાં એસી, કુલરનો ખર્ચ કર્યો પણ લો વોલ્ટેજના ચાલતાના હોય ત્યારે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ બાબત રજૂઆત વડિયાના જાગૃત નાગરિક એવા વિક્રમસિંહ ચાવડા દ્વારા વડિયા પીજીવીસીએલના ડેપ્યુટી ઈજનેરને કરવામાં આવી છે. અરજદારના જણાવ્યા અનુસાર તેને રૂફટોપ સોલાર પેનલ નખાવેલ હોય તેની જમા થતી વીજળી પણ કોઈ કામ આવતીના હોય વીજ ઉપકારણો પણ ચાલતા નથી. લો વોલ્ટેજથી નુકશાન થવાની બીક હોય ત્યારે આ બાબતે વડિયા પીજીવીસીએલ દ્વારા કોઈ ચોક્કસ કાર્યવાહી કરી લોકોને પૂરતા પ્રમાણમાં વીજ વોલ્ટેજ પ્રાપ્ત થાય તે માટે કાર્યવાહી કરવા અને લોકોની સમસ્યા દૂર કરવા માંગણી કરાઈ છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

**RECRUITMENT**

**DESIGNATION**
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

**EXPERIENCE**
Experienced / Freshers

**WORKING HOURS**
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

**ADDRESS**
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY


## શ્રી રાજકોટ ઈલેકિટ્રક મરચન્ટ એસો.ની સ્થાપના



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

નવી આશા, ઉમંગ એન્ડ ઉત્સાહ સાથે રાજકોટના ઈલેકટ્રીક વેપારીઓનું એક નવું સંગઠન રાજકોટ ઈલેકિટ્રક મરચન્ટ એસોસિએશનની તાજેતરમાં સ્થાપના થયેલ છે. જેને વેપારીઓ તરફથી બોહોડો સુંદર પ્રતિસાદ મળેલ છે. જેમાં સમગ્ર રાજકોટમાંથી મોટા પ્રમાણમાં સભ્યો નોંધાયા છે વેપારમાં નવીનતા અને વિકાસના ઉદેશ સાથે, આ નવું સંગઠન સારી અને શ્રેષ્ઠ કામગીરી કરવા કટિબંધ થયેલ છે.

આ સંગઠન ઘર વપરાશ અને ઔધોગિક ઈલેકિટ્રકના રિટેઈલ વેપારી,જથ્થાબંધ વેપારીઓ, જથ્થાબંધ વેપારીઓ, અને ઈલેકિટ્રકની પ્રોડકટ બનવતા ઉત્પાદકો સામેલ છે. આગામી શનિવાર તા.૨૮ ના રોજ રાજકોટ ઈલેકિટ્રક મરચન્ટ એસોસિએશનની સૌપ્રથમ વાર્ષિક સાધારણ સભા રાત્રીના ૮ વાગે રીયલ સ્પાઈસ રેસ્ટોરન્ટ ૧૫૦ ફીટ રિંગ રોડ, શીતલ બી.આર.ટી.એસ બસ સ્ટોપ પાસે, રાજકોટ યોજાનાર છે

જેમાં બોહળી પ્રમાણમાં ઉપસ્થિત રહેવા, એસોસિએશનના રજિસ્ટર્ડ સભ્યઓને નિમંત્રણ પાઠવેલ છે. જેમાં દરેક સભ્યઓએ ને શિસ્તના ભાગરૂપે એસોસીએશનનું આઈકાર્ડ પહેરવું ફરજીયાત છે. રાજકોટ ઈલેકિટ્રક મરચન્ટ એસોસિએશનના નવ નિયુકત હોદેદારો નીચે મુજબ છે.

પ્રમુખ જીજ્ઞેશભાઈ વેકરીયા (માર્શલ ઈલેકિટ્રક કંપની). ઉપપ્રમુખ હરિસિંગભાઈ સુચરીયા (સેન્ડીહોમ એપ્લાઈન્સીસ) મંત્રી અનિલભાઈ દુધાત્રા (જયશ્રીરામ ઈલેકટ્રીક) કાયદાકીય સલાહકાર અનિલભાઈ ઝાટકીયા (ગુજરાત સેલ્સ) ખજાનચી સુરેશભાઈ ગુરૂબક્ષાની (સદ્‌ગુરૂ સેલ્સ એન્ડ સર્વિસ) સહમંત્રી અનિરૂદ્ધસિંહ ચુડાસમા (રઘુવિર ટ્રેડર્સ)અમારી કારોબારીમાં રાજકોટ શહેરમાંથી અલગ-અલગ વિસ્તારમાંથી કારોબારીની વરણી કરેલ છે.

# ગાંધીનગરમાં સાંજે સહકારથી સમૃધ્ધિ સંમેલનને સંબોધન કરશે વડાપ્રધાન






## સંમેલનની તમામ તૈયારીઓ પરિપૂર્ણઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સ્થળ નિરીક્ષણ કર્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

ગાંધીનગર, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આટકોટમાં હોસ્પિટલનું લોકાર્પણ કર્યા બાદ અને સભાને સંબોધન કર્યા બાદ બપોરે લગભગ ૧૨:૩૦ વાગ્યે ગાંધીનગર જવા રવાના થશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સાંજે ૪ વાગ્યે યોજાનારા સહકાર સે સમૃધ્ધિ સંમેલનમાં વડાપ્રધાન ખાસ હાજરી આપી સહકારી સંસ્થાઓના નેતાઓને સંબોધન કરશે.

ત્યારબાદ વડાપ્રધાન ઈફકો, કલોલ ખાતે નિર્મિત નેનો યુરીયા (લીકવીડ) ખાતર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન પણ કરશે. રૂ.૧૭૫ કરોડનાં ખર્ચે આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. પાકની ઉપજમાં વધારાને ધ્યાનમાં રાખી નેનો યુરીયાનો ઉપયોગ વધારવા અતિઆધુનિક નેનો ખાતર પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. જ્યાં દરરોજ ૫૫૦ મિલી લીટરની લગભગ દોઢ લાખ બોટલનું ઉત્પાદન થશે.

ગુજરાતનું સહકારીક ક્ષેત્ર સમગ્ર રાષ્ટ્ર માટે એક રોલમોડેલ રહ્યું છે. રાજ્યમાં સહકારીક ક્ષેત્રમાં ૮૪ હજારથી વધુ મંડળીઓ છે. જેની સાથે લગભગ ૨૩૧ લાખ સભ્ય જોડાયેલા છે. રાજયમાં સહકારી ચળવળને વધુ મજબુત બનાવવાનાં એક પગલા તરીકે મહાત્મા મંદિરમાં 'સહકાર સે સમૃધ્ધિ' વિષય પર વિવિધ સહકારી સંસ્થાઓ અને આગેવાનોની હાજરીમાં સેમિનાર યોજાઈ રહ્યો છે. ૭ હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લે તેવી સંભાવના છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સવારે મહાત્મા મંદિરની મુલાકાત લીધી હતી અને સહકાર સંમેલનની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. બેઠક વ્યવસ્થા, મુખ્ય મંચ સહિતની જગ્યાઓનું નિરીક્ષણ કરી મુખ્યમંત્રીએ માર્ગદર્શન આપતા સૂચનો પણ કર્યા હતા. આ પ્રસંગે રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ કુમાર સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.(૨.૧૨)

# જામનગર એરપોર્ટ ખાતે ગૃહમંત્રી અમિત શાહનું ઉષ્માભર્યું સ્વાગત





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

ભારતના ગૃહમંત્રી અમિતભાઈ શાહ ગુજરાતની મુલાકાતે પધાર્યા છે. તેઓ આજે દ્વારકા જગત મંદિર ખાતે દર્શનાર્થે જઈ રહ્યા હતા ત્યારે જામનગર એરપોર્ટ ખાતે તેઓએ ટૂંકું રોકાણ કર્યું હતું. જ્યાં કલેકટર ડો.સૌરભ પારઘી, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, એરપોર્ટ ડાયરેકટર સચીન ખંગાર સહિતના મહાનુભાવોએ ગૃહમંત્રીને આવકારીને ઉષ્માપૂર્ણ સ્વાગત અને અભિવાદન કર્યું હતું.

### ગુજરાતના સવા લાખ આદિજાતિ ખેડૂતોને ખાતર, બિયારણ કીટ્‌સનું વિતરણ

# ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૨૮

**અત્યાર સુધીમાં ૧૧.૬૯ લાખ ખેડૂતોને રૂ.૨૬૦ કરોડનો યોજનાકીય લાભ મળ્યો**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના ૧૪ જિલ્લાઓના એક લાખ ૨૩ હજારથી વધુ આદિજાતિ ખેડૂતોને કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ખાતર, બિયારણ કીટ્‌સ વિતરણ યોજનાનો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. આ યોજના મુજબ ખરીફ સીઝન માટે આદિજાતિ ખેડૂતોને ઉત્તર અને મધ્ય ગુજરાતનાં ૭ જિલ્લાનાં ૭૫ હજાર ધરતી પુત્રોને મકાઈનું બિયારણ અને ખાતરની કીટ અપાઈ રહ્યા છે. દક્ષિણ ગુજરાતનાં ૭ જિલ્લાઓનાં ૪૮ હજાર જેટલા લાભાર્થીઓને સુધારેલા શાકભાજીનાં બિયારણ, ખાતર કીટનું વિતરણ કરાઈ રહ્યું છે. દરવર્ષે આ યોજના મુજબ રૂ.૩૦ થી ૩૫ કરોડનાં ખર્ચે અંદાજે ૧ લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને લાભ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આવા ૧૧.૬૯ લાખ ખેડૂતોને રૂ.૨૬૦ કરોડથી વધુનો યોજનાકીય લાભ આપવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ આ સાથે રાજ્યનાં આદિજાતિ વિસ્તારોમાં ૧૪૩ આશ્રમ શાળાઓને મકાન માટે રૂ.૮૩.૯૬ કરોડનું પ્રોત્સાહક અનુદાન ઓનલાઈન અર્પણ કર્યું હતું. આદિવાસી બાળકોને શિક્ષણની સારી સુવિધા આપવા અત્યારે રાજ્યમાં કાર્યરત ૬૬૧ આશ્રમ શાળાઓમાં ૯૧ હજારથી વધુ આદિજાતિ બાળકોને રહેવા- જમવાની સગવડ સાથે ધો.૧ થી ૧૨ સુધીનું શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવે છે.(૨.૧૨)



# સાળંગપુરમાં કષ્ટભંજન હનુમાનજીને દિવ્ય શૃંગાર

રાજકોટઃ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે શનિવારના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘા ધરીને ફુલનો દિવ્ય શણગાર કરી મંગળા આરતી અને શણગાર આરતી કરવામાં આવી હતી. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો ઓનલાઈન તથા પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.(૫)

## રાજકોટમાં આજે વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ

# આંગણવાડી ખાતે સુપોષિત માતા સ્વસ્થ બાળક કાર્યક્રમ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

તમામ આંગણવાડી વર્કર બહેનોને તમામ સેજાઓ ખાતે ડેમો મોડમાં મુખ્યસેવીકા દ્વારા સ્ટોક ડીસ્ટ્રીબ્યુશન અંગેની ટ્રેનીંગ આપવામાં આવેલ. ટ્રેનીંગનો મુળ ઉદેશય ટુંક સમય માં યોજના કાર્યરત થવાની હોય ત્યારે વાસ્તવીક સ્ટોક ડિસ્ટ્રીબ્યુશન સમયે કોઇ ટેકનીકલ કે અન્ય પ્રશ્ન ઉદભવે તો શું તાત્કાલીક સ્થળ પર શું નિરાકરણ લાવી શકાય અને અન્ય કોઇ પ્રશ્ન સ્થળ પર ઉદભવતા અધિકારી દ્વારા કયાં પગલાં લઇ શકાય તેની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ હતી.

સમગ્ર ટ્રેનીંગ કાર્યક્રમ સફળ બનવવા સેજાના મુખ્ય સેવીકા, સી.ડી.પી.ઓ અને વર્કર બહેનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.(૧)



# કોટેશ્વર મહાદેવ મંદિરે સોમવતી અમાસ અને શનિજયંતિ ભકિતભાવથી ઉજવાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮


કોઠારીયા કોલોનીમાં આસ્થાના પ્રતીક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે વૈશાખ વદ અમાસ તા.૩૦/૫ ને સોમવારના શુભ દિને શનિજયંતિ આસ્થા અને ભકિતભાવથી ઉજવાશે. સવારે મંગળા આરતી, પૂજન-અર્ચન અને સાંજે મહાઆરતી કરવામાં આવશે.

શનિદેવને ભાવિકો દ્વારા તેલ, કાળા અડદ, મગ, તલ, આંકડાની માળા, ગોળ, કાળા વસ્ત્રોનું દાન કરવું જોઈએ. શનિદેવને ખીર અને પૂરીનો ભોગ ધરવો જોઈએ.

સોમવતી અમાસના ભગવાન શિવજીનું પૂજન - અર્ચન કરવામાં આવશે. ધર્મ પ્રેમી ભાવિકોને દર્શન તેમજ મહાઆરતીનો લાભ લેવા કોટેશ્વર પરિવારના વિક્રમસિંહ જાડેજા તથા મંદિરના પૂજારી રસિકગીરિબાપુએ (અતિત) અનુરોધ કર્યો છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

### શિક્ષણકાર્ય અદ્યતન અને હાઈટિક બનતી સરકારી શાળા

# શ્રી વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં.૯૩માં પ્રવેશ પ્રક્રિયા શરૂ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

## વહેલા તે પહેલાના ધોરણે ધો.૧ થી ૮માં ૧૨ જૂન સુધી પ્રવેશ અપાશે

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત શ્રી વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં. ૯૩ નાના મોકાજી સર્કલ પર આવેલી છે. આ શાળામાં શિક્ષણકાર્ય અદ્યતન અને હાઈટિક થવા જઈ રહ્યું છે. આમ તો શાળા પર્યાવરણ માવજત, મૂલ્ય શિક્ષણ તથા સર્વાંગી શિક્ષણ માટે ગુજરાતમાં જ નહીં રાષ્ટ્રીય સ્તરે નામના મેળવી ચૂકી છે. શાળામાં બાળકના આરોગ્યથી લઈ રમતગમત, તેની શૈક્ષણિક કારકિર્દી સાથે સાથે બાળકના બાળમાનસમાં ઉચ્ચ વિચારોનું ઘડતર થાય તે માટે તમામ પ્રયાસો શાળા દ્વારા કરવામાં આવે છે. તે પણ તદ્દન મફત. સારા સંપૂર્ણ સરકારી શાળા છે. શાળામાં ભૌતિક સુવિધાઓ સાથે ટેલેન્ટેડ અને તાલીમી શિક્ષકો છે. શાળામાં રમત ગમત માટે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ઈન સ્કુલ પ્રોજેક્ટ ચાલે છે. જેમાં બાળકને રમતગમતની તાલીમ આપવા માટે બે સંપૂર્ણ સમયના કોચ મુકવામાં આવ્યા છે. ગણવેશ તથા અન્ય શૈક્ષણિક સામગ્રીઓ પણ આપવામાં આવે છે. કલા મહાકુંભની, નવોદયની પરીક્ષા હોય કે વિવિધ સ્પર્ધાત્મક શિષ્યવૃત્તિની પરીક્ષાઓમાં શાળાના શિક્ષકો બાળકોને તૈયારીઓ પણ કરાવે છે. ધો. ૮ સુધીની આ શાળામાં માત્ર ધો. ૮ સુધીનું શિક્ષણ નહીં પરંતુ ધોરણ આઠ પછી પણ બાળક આગળ અભ્યાસમાં ક્યાં જોડાવવું તે માટેનું માર્ગદર્શન અને માહિતી પણ આપવામાં આવે છે. શાળામાં દિવ્યાંગ બાળકો માટેની પણ તમામ સુવિધાઓ છે. દીકરીઓ માટે શાળામાં સેનેટરી પેડ વેન્ડિંગ મશીન, ઈન્સીલીરેટર મશીન પણ મૂકવામાં આવ્યું છે. ધો. ૧ થી ૮ માં વહેલા તે પહેલા ધોરણે ૧૨ જૂન સુધીમાં આપ પ્રવેશ મેળવી લો તેવી અપીલ આચાર્ય વનિતાબેન રાઠોડ દ્વારા કરવામાં આવી છે. આવી શાળામાં આવનાર બાળક પણ સમાજનું સર્વ શ્રેષ્ઠ નાગરિક બનશે તે ચોક્કસ છે તો શાળામાં પ્રવેશ મેળવવા માટે એકવાર શાળાની મુલાકાત જરૂર લેશો. તેમ જણાવ્યું છે.(૧૩.૧૧)

# સોમનાથ મહાદેવને શીતળતાનો શણગાર...



**(બ્રિજેશ વેગડા દ્વારા)**

ઘેલાસોમનાથઃ પાંચાળ સૌરાષ્ટ્રનું મધ્યબિંદુ એટલે ઘેલાસોમનાથ જ્યાં નિત્ય શિવ શિવના રણકાર મહાદેવના અભિષેક તેમજ નિત્ય શણગાર શ્રુગાર રસનો અદભુત સમન્વય થતો હોય તેવા મહાદેવ બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ સ્થાનમાં ઉભેલ આ સ્થાન અતિ સુંદર અને શોભનિય છે જ્યાં સઘળી વ્યવસ્થા વહીવટદાર મનુદાદા શીલું સંભાળી રહ્યા છે પૂજારી હસુભાઈ જોશી પૂજારી પદે નિત્ય શણગારના આભૂષણોથી સજ્જ કરતાં મંદિરના વયસ્થાપકો હાજરો શ્રદ્ધાળુઓને ઘર બેઠા દર્શનનો લ્હાવો સોશિયલ મીડિયા મારફત આપી ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે.(૧૩)

# જડબાના કેન્સરમાં ફ્રિ-ફ્લેપ સર્જરી વરદાન સ્વરૂપઃ ડો.ખ્યાતી વસાવડા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

વોકહાર્ટ હોસ્પિટલના કેન્સરના નિષ્ણાંત ડો.ખ્યાતી વસાવડા માહિતી આપતા જણાવે છે કે સામાન્ય રીતે મોઢાના કેન્સરના દર્દી લાંબા સમયથી ના રૂઝાતા ચાંદાની ફરીયાદ સાથે હોસ્પિટલની મુલાકાતે આવતા હોય છે.જેમાં મુખ્યત્વે ચાંદા મોઢાની અંદરના ગલોફામાં અથવા જીભના ચાંદા હોય છે.

દર્દીની કેન્સરની ગાંઠ નીચે અને વચ્ચેના જડબા તથા નિચેનો હોઠ અને દાઢીની ચામડી સાથે કાઢી નાખવામાં આવી હતી. તેની સાથે બન્ને બાજુના ગળાની લસીકા ગ્રંથીની સફાઈ કરીને પ્લાસ્ટીક સર્જન સાથે મળીને પગના હાડકાના ઉપયોગ (ફ્રિ-ફ્લેપ) વડે જટીલ પ્લાસ્ટીક સર્જરી હાથ ધરવામાં આવી હતી જેમાં પગના હાડકા વડે કપાયેલા જડબાની જગ્યાએ પ્લેટ એન્ડ સ્ક્રુ વડે નવુ જડબુ બનાવવામાં આવ્યુ અને નવી દાઢીનુ નિર્માણ કરી જટીલ પ્લાસ્ટીક સર્જરી હાથ ધરી હતી.

દર્દી ઓપરેશન પછી માત્ર ૧૫ દિવસમાં સંપુર્ણ પણે ફરીથી બોલી શકે તેમજ મોઢેથી જમી શકે છે.

વોકહાર્ટ હોસ્પિટલ સૌરાષ્ટ્રમાં મોઢા તથા ગળાના કેન્સરની સંપુર્ણ સારવાર એકછત્ર હેઠળ પુરી પાડતી હોસ્પિટલ છે.હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો અને તેને લગતી તમામ સુવિધાઓ અને આધુનિક પધ્ધતીથી સારવાર કરવામાં આવે છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને પ્રતિષ્ઠિત અનુવ્રત એવોર્ડ

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૨૮

દેશની અનુવ્રત ચળવળનાં સૌથી ટોચનાં પ્રતિષ્ઠિત અનુવ્રત એવોર્ડથી પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને વિભૂષિત કરવામાં આવ્યા છે. અનુવ્રત વિશ્વ ભારતી સોસાયટીના પ્રમુખ સંચય જયને જણાવ્યું હતું કે, અંગત જીવનમાં સાદગી અને શુધ્ધતા તેમજ જાહેર જીવનમાં નૈતિક અને માનવિય મુલ્યોનાં જતન માટે એમના યોગદાન બદલ મનમોહનસિંહને પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવાનું નક્કી કરાયું છે. અહિંસા, પ્રમાણિકતા અને સંયમ સાથે જીવન જીવવા માટે લોકોને પ્રેરણા આપવા આચાર્ય તુલસીએ આઝાદી બાદ અનુવ્રત આંદોલન શરૂ કર્યું હતું. અગાઉ દેશના અનેક મહાનુભાવો જેમકે પૂર્વ વડાપ્રધાન ગુલઝારીલાલ નંદા, ડો.આત્મારામ, એલ.કે.અડવાણી, શિવરાજ પાટીલ, પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર સ્વ.ટી.એન.શેસાન અને પ્રકાશ આમ્ટે અનુવ્રત એવોર્ડ મેળવી ચૂક્યા છે.(૨.૧૨)



**જીવનમાં સાદગી અને જાહેરજીવનમાં પ્રમાણિકતા તેમજ અનેરા યોગદાન બદલ પૂર્વ વડાપ્રધાનની પસંદગી**





ફિલ્મ પ્રૉડકશન હાઉસ હવે રાજકોટ માં...

વીડી ફિલ્મસ પ્રાઇવેટ લીમીટેડ

હવે તમારા બિઝનેસ મા વધારો કરવા માટે

વિડિયો એડ અને કોર્પોરેટ વિડિયો બનાવો

95123 30013

બીગ બજાર પાછળ, મારૂતી ચૉક પાસૅ, રાજકૉટ

OM CATRERS Best Food For All Occasion

Call: 98251 51818 / 97144 53898

Web: www.omcaterersrajkot.com

# રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં IPL નો મહાજંગ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** અમદાવાદ, તા.૨૮: અમદાવાદના વિશાળકાય અને સર્વશ્રેષ્ઠ નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં આવતીકાલ તા.૨૯ ને રવિવારે આઈપીએલ નો ફાઈનલ મહા મુકાબલો જામશે. ફાઈનલમાં પહોંચેલી ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે આઈપીએલ ટી-૨૦ નો ફાઈનલ મેચ અત્યંત રોમાંચક અને દિલધડક બની રહેવાની ધારણા છે. ક્રિકેટ ચાહકોમાં પ્રચંડ ઉત્સાહ ફેલાયો છે. ૧ લાખ ૨૦ હજાર પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતા સ્ટેડીયમની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે. ગુજરાતમાં તો અપાર ઉત્સાહ અને ઉતેજના છે કેમકે પહેલીવાર આઈપીએલ ટુર્નામેન્ટ રમી રહેલી ગુજરાતની ટીમ પહેલા જ પ્રયાસે ફાઈનલમાં પહોંચી ગઈ છે. હાર્દિક પંડ્યાના શાનદાર નેતૃત્વ હેઠળ ગુજરાતની ટીમ જોરદાર રમતનું પ્રદર્શન કરી ટ્રોફી જીતવા માટે કટિબદ્ધ છે. ત્યારે સામાપક્ષે સંજુ સેમસનનાં સુકાની પદ હેઠળ મેદાનમાં ઉતરનાર રાજસ્થાન રોયલ્સની ટીમ બીજીવખત ટ્રોફી જીતી શૈન વોર્નની જેમ ઈતિહાસનું પુનરાવર્તન કરવા તલપાપડ બની છે. ગુજરાતનો આધાર બેટિંગમાં ખૂદ હાર્દિક અને તેવટીયા અથવા ઉદા જેવા ફાંકડા બેટધરો પર રહેશે. જયારે બોલિંગમાં એમની પાસે હુકમનો એક્કો જાદુઈ અફઘાની સ્પિનર રશીદ ખાન છે અને ફાસ્ટ બોલિંગમાં મહોમ્મદ શામી છે. જયારે આર.આરનો હુકમનો એક્કો વર્તમાન આઈપીએલ સીઝનમાં ચાર- ચાર સદી ફટકારનાર જોશ બટલર છે. ફાઈનલ ખૂબ જ રોમાંચક બની રહેવાની ધારણા છે. આવતીકાલે સાંજે ૭:૩૦ વાગ્યે ફાઈનલ શરૂ થશે. આઈપીએલ ફાઈનલનો રોમાંચ અને ક્રિકેટનો જોર જાણે કે ગુજરાતને ઘેરી વળ્યા છે. ટેલીવિઝન પર ગોઠવાઈ જવા લાખો- કરોડો ક્રિકેટ પ્રેમીઓ આતુર થઇ ગયા છે. સાંજે ૬ વાગ્યાથી સમાપન સમારંભનું લાઈવ ટેલીકાસ્ટ શરૂ થશે. જયારે સાંજે ૭:૩૦ વાગ્યાથી મેચ શરૂ થઇ જશે. બંને ટીમો આઈપીએલની ટ્રોફી જીતવા માટે આજે દિવસભર તનતોડ નેટ પ્રેક્ટીસ કરી હતી. કાલે એ નક્કી થઇ જશે કે ટ્રોફી હાર્દિક ઊચકશે કે સંજુ સેમસન? (૨.૧૨)

# સૌરાષ્ટ્રભરના નેતાગણમાં ડો. ભરત બોઘરાનું કદ વધી ગયાનો મત

## નાના એવા ગામમાં આટલી મોટી આધુનિક હોસ્પિટલ બનાવવાનું સપનું સાકાર કરવા એમની તનતોડ મહેનતથી લોકોનું ધ્યાન ખેંચાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાજકોટ જેવા વિકસિત મહાનગરની બાજુમાં આવેલા ખોબા જેવડા આટકોટ ગામની ધરતી પર મહાનગરમાં જ જોવા મળે એવી અત્યંત આધુનિક મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલનું નિર્માણ કરવાનું સપનું અથાક મહેનત, લગન, જુસ્સા અને લોખંડી મનોબળ સાથે સાકાર કરી બતાવનાર જસદણના પૂર્વ ધારાસભ્ય તથા ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા એમની આ સેવા અને કામગીરીને કારણે એમની અપાર લોકચાહનામાં કોઈ ચોક્કસપણે વધારો કરી જ શક્યા છે. પણ સહુ એક અવાજે એ કબુલ કરી રહ્યા છે કે, ડો.બોઘરાના રાજકીય અને સામાજીક કદમાં ખૂબ જ નોંધપાત્ર પ્રમાણમાં વધારો થયો છે અને સૌરાષ્ટ્રના નેતાઓનાં કાફલામાં તેઓ મુઠ્ઠી ઊંચેરા નેતા બનીને અને લોકસેવક બનીને બહાર આવ્યા છે.

આટકોટની મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ માત્ર રાજકોટ જિલ્લા નહીં પણ આટકોટની બંને તરફ આવેલા ૪ થી ૫ જિલ્લાઓની જનતા માટે આશિર્વાદ સમાન બની રહેશે એ નિશંક છે. રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ જેવા આટકોટની ફરતે આવેલા જિલ્લાઓની ગરીબ, પછાત, દલિત અને સામાન્ય, મધ્યમ વર્ગની જનતા માટે કે.ડી.પરવાડીયા હોસ્પિટલ શ્રેષ્ઠ, સરળ અને સર્વોતમ તેમજ સસ્તી મેડીકલ સારવારનું કેન્દ્ર બની રહેશે. આટલું નોંધપાત્ર અને ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય પરીપૂર્ણ કરવા બદલ ડો.બોઘરા તથા એમની ટીમ તેમજ દાતાઓ ખરેખર શત શત અભિનંદનનાં અધિકારી છે.

ડો.ભરત બોઘરાનાં મુદ્દા પર પરત ફરીએ તો ડોક્ટર નેતા બોઘરા એક એવું વ્યક્તિત્વ છે જે જનસેવાનો એક લાંબો ઈતિહાસ ધરાવે છે. જસદણની બેઠક પરથી ચૂંટાઈને તેઓ ધારાસભ્ય બન્યા હતા. એ કાળમાં જસદણ પંથકમાં રસ્તા, પાણી, વીજળી સહિતનાં વિકાસનાં અનેક નોંધપાત્ર કામો કરીને તેમણે અપાર લોકચાહના પ્રાપ્ત કરી હતી એ ઈતિહાસ બધા જાણે છે. એમના સેવાભાવ અને સમર્પણને જોઇને જ ભાજપના તેજીલા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ડો.બોઘરાને પ્રદેશ કક્ષાએ સંગઠન માળખામાં ઉપપ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી સોંપી હતી અને એમની કાબેલીયત તથા ક્ષમતામાં પૂરો વિશ્વાસ બતાવ્યો છે. ડો.બોઘરાનાં રાજનૈતિક જીવન પર નજર કરીએ તો એમની એક ખૂબી અને વિશેષતા કહીએ તો વિશેષતા ઉડીને આંખે વળગે છે. ડો.બોઘરા સર્વવર્ગીય લોકસેવામાં માનતા હોવાથી તેઓ માત્ર પાટીદાર સમાજ નહીં પણ તમામ સમાજમાં ખૂબ જ લોકચાહના અને માન- સન્માન ધરાવતા નેતા છે. એટલે જ એમને એમના જીવનનું મહત્વનું સપનું સાકાર કરવામાં તમામ સમાજનાં લોકોનો સાથ- સહકાર અને આશિર્વાદ પ્રાપ્ત થયા છે.

હોસ્પિટલના નિર્માણની વાત કરીએ તો એ માટે ડો.બોઘરાએ જબરી લગન, નિશ્ચય અને કટીબધ્ધતા સાથે લોખંડી મનોબળ દર્શાવી હોસ્પિટલનું સપનું વાસ્તવિક કરી બતાવ્યું છે. તેમાં એમને પાટીદાર સમાજનો અને દાતાઓનો જે જબરો સહયોગ પ્રાપ્ત થયો છે તેની નોંધ લેવી જ પડે. કહેવાય છે કે, તમે સપના જુઓ તો તેને સાકાર કરવા માટે સમગ્ર સૃષ્ટિ તમારી મદદમાં લાગી જતી હોય છે અને ડો.બોઘરાના કિસ્સામાં એ હકીકત પુરવાર થઇ છે કે, એમણે ગરીબ અને મધ્યમ વર્ગની જનતાને નજરમાં રાખી હોસ્પિટલ ઉભી કરવા ભારે પરસેવો પાડ્યો અને મહિનાઓ સુધી રાત- દિવસ જોયા વિના એકધારી તનતોડ મહેનત કરી છે અને અંતે આટકોટ સહિત સૌરાષ્ટ્રની જનતાના ચરણોમાં એક એવા આરોગ્ય ધામની ભેટ કરી છે જેનાથી હજારો- લાખો ગરીબ, નબળા, દલિત, ઓછી આવકવાળા, મધ્યમ વર્ગીય પરિવારોને શ્રેષ્ઠતમ મેડીકલ સારવાર ઘરઆંગણે મળતી થઇ જશે. ત્યારે ડો.બોઘરાને જે લાખો લોકોના આશિર્વાદ મળશે તેનું મુલ્ય આંકી શકાય તેમ નથી. ધન્ય છે ભરત બોઘરા, એમની ટીમ અને દાતા પરિવારોને... સૌરાષ્ટ્રના નેતાઓમાં ચોક્કસપણે ડો.બોઘરાનું રાજકીય કદ વધી ગયું છે. તેનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. રાજકીય નિરીક્ષકો માને છે કે અને નિશ્ચિતપણે કહે છે કે, આગામી વિધાનસભા ચૂંટણીઓમાં એમને જસદણ અથવા તો રાજકોટ જિલ્લાની મહત્વની બેઠક પરથી ભાજપ ટિકિટ આપશે અને ચૂંટણીઓ બાદ એમને કેબીનેટ મંત્રી પદ આપવામાં આવે તો પણ નવાઈ નહીં લાગે. વડાપ્રધાન દરજ્જાના મહાનુભાવ લોકાર્પણ કરવા માટે આટકોટ આવ્યા એ જ દર્શાવે છે કે, ડો.ભરત બોઘરાએ માત્ર પ્રદેશ ભાજપ મોવડીઓ નહીં પણ કેન્દ્રીય મોવડી મંડળમાં પણ એક અલગ પ્રકારનું આદર અને માન-સન્માનનું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને તેના પરથી જ લાગે છે કે, રાજકીય કારકિર્દીમાં પણ તેઓ ઝડપભેર સફળતાના નવા- નવા શિખર સર કરશે. એ દિવસો બહુ દૂર દેખાતા નથી.(૨.૧૨)

## રાજકીય ગણગણાટ શરૂ

# જસદણ બેઠક માટેની ભાજપની ટિકિટ બાવળિયાને કે બોઘરાને?





**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**
જસદણ તા.૨૮

જસદણ તાલુકાના આટકોટ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સભા સમગ્ર ગુજરાતના ઈતિહાસમાં નોંધપાત્ર કહી શકાય તેવી રીતે લાખોની જનમેદની વચ્ચે નરેન્દ્ર મોદીની સભા ખૂબ જ સફળ રહી છે ત્યારે જસદણ વિસ્તાર સહીત સમગ્ર સૌરાષ્ટ્રના રાજકારણમાં જસદણ બેઠકની ટિકિટ અંગેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે અને જસદણની બેઠક માટેની ટિકિટ ડો.ભરતભાઇ બોઘરાને કે કુવરજીભાઈ બાવળિયાને મળશે તેની ચર્ચા શરૂ થઈ ગઈ છે.

કુંવરજીભાઈ બાવળીયા હાલમાં ભાજપના ધારાસભ્ય તરીકે જસદણ બેઠક ઉપરથી પેટા ચૂંટણીમાં ચૂંટાયેલા છે અને કોળી સમાજમાં મોટું નામ ધરાવે છે જયારે ડો. ભરતભાઇ બોઘરા પણ સૌરાષ્ટ્રના પટેલ સમાજના કદાવર નેતા છે તેમજ ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ છે. બીજી બાજુ આટકોટ ખાતે નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમમાં સરકાર, વહીવટી તંત્ર કે ભાજપ સંગઠન દ્વારા નહીં પરંતુ ડો. ભરતભાઈ બોઘરાએ પોતાની વ્યકિતગત તાકાતથી લાખોની જનમેદની એકત્ર કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો કાર્યક્રમ સફળ બનાવ્યો છે ત્યારે હવે જસદણ બેઠકની ટિકિટ કોને મળે છે તેના તરફ સૌની નજર છે. બીજી બાજુ કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત સૌરાષ્ટ્રના અનેક ભાજપના નેતાઓએ અંદરોઅંદર ચર્ચા કરી હતી કે હવે જસદણની બેઠક માટેની ટિકિટ ડો. બોઘરાને મળશે કે બાવળિયાને. જોકે ભાજપ પક્ષ હંમેશા તેના નિર્ણય આચકારૂપ આપતો હોય છે ત્યારે જસદણ બેઠક માટે આ બંને નેતાઓને અન્ય રીતે સાચવીને રાજકીય ભૂકંપરૂપી નિર્ણય જાહેર કરીને કોઈ ત્રીજી વ્યક્તિ ને જ ટિકિટ આપે અને આ બંને આગેવાનોને જસદણ બેઠક ઉપર ભાજપ ને જીતાડવાની તેમના સમાજ માટેની જવાબદારી સોંપવામાં આવે એવું બને તો પણ નવાઈ નહીં. જસદણ બેઠક ઉપર ભાજપ બે વખત પેટા ચૂંટણીમાં જીતી શક્યું છે.

સામાન્ય ચૂંટણીમાં ભાજપ જસદણ બેઠક ક્યારેય જીતી શક્યું નથી ત્યારે હવે ભાજપ દ્વારા સામાન્ય ચૂંટણીમાં પણ ભાજપને કોઈ પણ રીતે આ બેઠક ઉપરથી જીતાડવા માટે રાજકીય ગોઠવણ ખાનગી રીતે ગાંધીનગર કક્ષાએ થઈ ગઈ હોવાની ચર્ચા છે. ડો. ભરતભાઇ બોઘરા સંચાલિત ટ્રસ્ટ દ્વારા આટકોટ ખાતે હોસ્પિટલનું ઉદઘાટન તો થઈ ગયું છે પરંતુ હવે આગામી સમયમાં ડો. બોઘરાં દ્વારા કેવી રાજકીય સર્જરી અને કેવા રાજકીય ઓપરેશન કરવામાં આવે છે તેમજ કોની કઇ રીતે રાજકીય સારવાર કરશે તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

### ગુજરાત ટાઈન્સની ટીમ IPL ટાઈટલ જીતે તો


# સેન્ડિયમ માન્ય ટિકિટ ધારકોને ગિરનાર રોપની ફ્રી મુસાફરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
જૂનાગઢ, તા.૨૮

ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં ગિરનાર પર્વત આવેલો છે. આ ગિરનાર પર્વતની મુસાફરી ઉષા બ્રેકો સંચાલિત ઉડાન ખટોલા (રોપ-વે) દ્વારા કરવામાં આવે છે. તત્કાલમાં આ રોપ-વેની મુસાફરીને અનુલક્ષીને અનોખી યોજના લાગુ કરાઈ છે. IPLની ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સની ટીમ પહોંચી છે. રાજયભરમાં આ સીઝનનો ઉત્સાહ પૂરજોશમાં જોવા મળ્યો છે. ત્યારે રોપે-વે દ્વારા ક્રિકેટની મેચને લઈને અનોખી યોજના બહાર પાડવામાં આવી છે. આ યોજના મુજબ જો ગુજરાત ટાઈટન્સ IPL ટાઈટલ જીતે તો જેકોઈ પણ સ્ટેડિયમમાં માન્ય ટિકીટ સાથે બેસી IPL જોવા ગયા હશે તે ટિકિટ ધારકો ટિકિટ બતાવી ગિરનાર રોપ-વે દ્વારા ફ્રિમાં રોપ-વેની સફર કરાવવામાં આવશે.

ગિરનાર રોપ-વે દ્વારા આ યોજના ૩૦ મેથી શરૂ

(અનુ.પાના નં.૪ ઉપર)



આ યોજના ૩૦ મેથી ૧ મહિના માટે લાગુ પડશે

# યુવાનના અકસ્માત મોતના કેસમાં રૂ.૧૫.૮૪ લાખનું વળતર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

ચોટીલા તાલુકાના નવાગામના કોળી અપરણીત યુવાન રાહુલ ખોડાભાઇ નાગાણી ગત તા. ૨૧-૦૧-૨૦૧૯ ના રોજ પોતાનુ બાઈક ચલાવીને જઇ રહ્યો હતો ત્યારે જી.જે. - ૧૩ - એ.બી. - ૧૦૦૫ નંબરના ટ્રેકટરના ચાલકે રાહુલભાઇને હડફેટે લઇ રાહુલનુ ઘટના સ્થળેજ મોત નિપજવ્યું હતું. રાહુલના મૃત્યુ બદલ વળતર મેળવવા રાહુલના

(અનુ.પાના નં.૪ ઉપર)

## મોદીજી બોલ્યા, કેમ છો પ્રમુખ, કેમ છો બધા મજામાં?



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: વડાપ્રધાન જયારે હેલીકોપ્ટરથી આટકોટ પહોંચ્યા ત્યારે એમનું સ્વાગત કરવા આગળ આવતા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીને જોઇને મોદીજી બોલી ઉઠ્યા હતા કે, કેમ છો પ્રમુખ, કેમ છો યુવા મેયર, બધા મજામાં? આ તકે કમલેશ મિરાણીએ રાજકોટ પધારવા માટે વડાપ્રધાનને આગ્રહભરી વિનંતી કરી હતી. ત્યારે વડાપ્રધાને ચોક્કસ આવીશ એવું કહ્યું હતું અને તુરંત મિરાણીને જોઇને બોલી ઉઠ્યા હતા કે, વજન ઘટાડ્યું, હવે શરીર પર ધ્યાન આપ્યું હોય એવું લાગે છે.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.